RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 406 Dt. 22-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# સવર્ણ સમાજનો જંતર-મંતર પર અનામતનો ઉગ્ર વિરોધ

## પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ, RAF દ્વારા અનેકની અટકાયત



નવી દિલ્હી, તા.૨૧

આર્થિક ધોરણે અનામત અને 'ક્રિમી લેયર' લાગુ કરવાની માંગ સાથે એકઠા થયેલા લોકોને કલમ ૧૬૩ હેઠળ મનાઈહુકમનો ભંગ કરવા બદલ હટાવવામાં આવ્યા

નવી દિલ્હીના જંતર-મંતર ખાતે શુક્રવારે UGCના નવા નિયમો અને SC-ST અનામત પ્રથામાં સુધારાની માંગ સાથે સવર્ણ સમાજના લોકો મોટી સંખ્યામાં એકઠા થતાં માહોલ ગરમાયો હતો. પરવાનગી વિના યોજાયેલા આ વિરોધ પ્રદર્શનને પગલે દિલ્હી પોલીસ અને રેપિડ એક્શન ફોર્સ (RAF) એ તાત્કાલિક મોરચો સંભાળ્યો હતો.

પોલીસે પ્રદર્શન સ્થળ પરથી લોકોને હટાવવાનું શરૂ કર્યું હતું અને સ્થિતિ વણસતાં અનેક વિરોધકર્તાઓની અટકાયત કરી તેમને બસોમાં ભરીને લઈ જવામાં આવ્યા હતા. નવી દિલ્હીમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ હેઠળ અગાઉથી જ મનાઈહુકમ લાગુ હોવાથી પોલીસે આ કડક કાર્યવાહી હાથ ધરી હતી.

સ્થળ પર હાજર પ્રદર્શનકારીઓનું કહેવું હતું કે તેઓ માત્ર શાંતિપૂર્ણ રીતે પોતાની વાત રજૂ કરવા આવ્યા હતા. તેઓ વર્તમાન અનામત વ્યવસ્થાની યોગ્ય સમીક્ષા કરવાની તેમજ અનામતમાં 'ક્રિમી લેયર'ની વ્યવસ્થા સખ્તાઈથી લાગુ કરવાની માંગ કરી રહ્યા હતા.

આ ઉપરાંત, SC, ST અને OBC સાથે જોડાયેલી નીતિઓમાં ફેરફાર કરી સરકારી સહાય, સ્કોલરશિપ અને ફી માફી જેવી તમામ સુવિધાઓ જાતિના બદલે માત્રને માત્ર આર્થિક જરૂરિયાતના આધારે આપવાની પણ પ્રબળ માંગ ઉઠાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, દિલ્હી પોલીસે ગુરુવારે જ સ્પષ્ટતા કરી દીધી હતી કે ૨૧ ઓગસ્ટે જંતર-મંતર ખાતે અનામત સુધારા મુદ્દે કોઈપણ પ્રકારના પ્રદર્શનની મંજૂરી આપવામાં આવી નથી. સોશિયલ મીડિયા પર પરવાનગી મળી હોવાના દાવા કરતા વીડિયોને પણ પોલીસે ખોટા અને ભ્રામક ગણાવ્યા હતા.

કલમ ૧૬૩ મુજબ પાંચ કે તેથી વધુ લોકોના એકઠા થવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ હોવા છતાં, શુક્રવારે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો અને ઠેર-ઠેર બેરિકેડ્સ લગાવી દેવાયા હતા.

# રાહુલ ગાંધીના સાત કલાકના ધરણા બાદ દિલ્હી પોલીસ ઝૂકી

## પેલેટ ગનથી ઘાયલ સાહિલના કેસમાં નોંધાઈ FIR : ભાજપે કોંગ્રેસની ગણાવી રાજકીય હતાશા



નવી દિલ્હી, તા.૨૧

જંતરમંતર પર જેન-ઝીના વિરોધ પ્રદર્શન દરમિયાન ૨૦ જુલાઈના રોજ પેલેટ ગનથી ઈજાગ્રસ્ત થનારા સાહિલ લોચબના કેસમાં દિલ્હી પોલીસે આજે પાર્લામેન્ટ સ્ટ્રીટ ચોકીમાં એક અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. આ કેસને લઈ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લગભગ સાત કલાક સુધી પોલીસ સ્ટેશન સામે ધરણા કર્યાં હતા. આ પછી પોલીસે પરિવારની ફરિયાદ નોંધી હતી અને આ વિષય પર રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ન્યાય અપાવવાની દિશામાં આ પહેલું પગલું છે.

દિલ્હી પોલીસે આ કેસમાં ફરિયાદ નોંધી લીધી છે. આ ઘટનાને એક મહિના જેટલો સમય વીતી ચૂક્યો છે. વ્યક્તિના શરીરમાંથી છરા ઘૂસી ગયા છે. ત્રણ છરા એની આંખમાં લાગ્યા છે. એને વ્યવસ્થિત રીતે દેખાતું પણ નથી. આ યુવાન સાથે જે થયું એ યોગ્ય નથી અને અન્યાય થયો છે. સવારે ૧૧ વાગ્યે અહીંયા અમે આવી ગયા અને સાંજે ૭ વાગ્યે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. દેશમાં કેટલીય યુવતી સાથે દુષ્કર્મ થાય છે, કેટલાય બાળકોની હત્યા થાય છે. કેટલાય લોકોને ગોળી મારી દેવામાં આવે છે. આવા તો કેટલાય લોકોના શરીરમાં છરા ઘૂસી ગયા હશે. હવે થોડું વિચારો કોઈ ગ્રામ્ય વિસ્તારના પોલીસ સ્ટેશનમાં કે નાના શહેરના પોલીસ સ્ટેશનમાં શું સ્થિતિ હશે? રાહુલે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, મેં કંઈ ખોટું કર્યું નથી. એક ભારતીય નાગરિક સાથે એના માતા-પિતા માટે ન્યાય માગ્યો છે. આ માટે આઠ કલાકનો સમય થયો છે.

અંતિમ સ્વીકૃતિ ગૃહસચિવ અને ખુદ અમિત શાહ તરફથી આવવાની હતી.આ પછી FIR નોંધવામાં આવી છે. આ પરથી તમે સમજી શકો છો કે, FIR કોને રોકીને રાખી હતી. ન્યાય પર બ્રેક ઉપરથી લગાવવામાં આવી રહી છે. આ પોલીસ ફરિયાદ એવા સમયે આવી છે જ્યારે રાહુલ ગાંધી પોતાની સાથે ઈજાગ્રસ્ત સાહિલ લોચબને લઈને ઉઈડ ઓફિસે પહોંચ્યા હતા. સંસદમાં ઘેરાવ દરમિયાન પોલીસ તરફથી જે બળ પ્રયોગ કરવામાં આવ્યો એની સામે ફરિયાદ નોંધવાની વાત છે. આ વાતને લઈને તેઓ ધરણા કરવા માટે પોલીસ સ્ટેશન સામે બેઠા હતા.

# યમન-સોમાલિયા તટ પર બે જહાજો હાઈજેક, ૨૨ ભારતીય નાવિકો ફસાયા



નવી દિલ્હી, તા. ૨૧

અરેબિયન સમુદ્ર અને હોર્ન ઓફ આફ્રિકા નજીક સમુદ્રી ચાંચિયાગીરીની ઘટનાઓએ ફરી એકવાર ભારત સહિત વૈશ્વિક સુરક્ષા એજન્સીઓની ચિંતા વધારી દીધી છે. યમન અને સોમાલિયાના દરિયાઈ વિસ્તારમાં ચાંચિયાઓએ બે કોમર્શિયલ જહાજોનું અપહરણ કર્યું છે. આ બંને જહાજોમાં ૨૨ ભારતીય નાગરિકો સહિત કુલ ૩૦ ક્રૂ સભ્યો ફસાયા છે, જેને સુરક્ષિત છોડાવવા ભારતીય નૌકાદળ અને સુરક્ષા એજન્સીઓ સક્રિય થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર ભારતીય નાવિકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.


'M.T. Sibu 1' યમન તટ પર હાઈજેક કરાયેલા જહાજની વિગતો જોઈએ તો ઈરિટ્રિયાનો ઝંડો ધરાવતું તેલ ઉત્પાદક ટેન્કર.યમન તટથી આશરે ૩૦ નોટિકલ માઈલ દૂર અદનની ખાડીએ પહોંચ્યું હતું ત્યારે ૨૦ ક્રૂ સભ્યો, જેમાંથી ૧૬ ભારતીય નાગરિકો છે. અન્ય સભ્યો સીરિયા, સુદાન અને ઈરાકના છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગના અહેવાલ મુજબ, તમામ ૨૦ ક્રૂ સભ્યો હાલ સુરક્ષિત છે.

જ્યારે 'M/V LUTUF' (સોમાલિયા તટ) પર કેમરૂનના ઝંડાવાળું કાર્ગો જહાજ.સોમાલિયાના પુંટલેન્ડ તટ નજીક હાઈજેક કરાયું છે. તેમાં ૧૦ ક્રૂ સભ્યો પૈકીના ૬ ભારતીય છે. આ જહાજ મોગાદિશુ સ્થિત તુર્કીના સૈન્ય તાલીમ કેન્દ્ર માટે શસ્ત્રો, સંચાર અને સેટેલાઈટ ઉપકરણો લઈ જઈ રહ્યું હતું. આશરે ૮ ચાંચિયાઓએ જહાજ પર કબજો જમાવી તેને નૂગાલ તટ તરફ વાળી દીધું છે.આ ગંભીર ઘટનાઓ બાદ દરિયાઈ પ્રશાસન અને રિક્રૂટમેન્ટ એજન્સીઓ પાસેથી તાત્કાલિક રિપોર્ટ માંગવામાં આવ્યો છે. ભરતી એજન્સીઓએ ભારતીય નાવિકોની તમામ વિગતો શિપિંગ ડાયરેક્ટોરેટને સુપ્રત કરી દીધી છે. ભારતીય નૌકાદળ અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓ હાઈજેક થયેલા જહાજો અને ભારતીય નાવિકોને સુરક્ષિત છોડાવવા માટે સ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

આ ઘટનાઓ વચ્ચે, ધ ફોરવર્ડ સિમેન યુનિયન ઓફ ઈન્ડિયા (FSUI) એ એપ્રિલ મહિનાનો એક જૂનો વિડિયો જારી કર્યો છે. આ વિડિયો હોર્મુઝની ખાડીનો છે, જ્યાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ની હોડીઓએ ૨૧ ભારતીય ક્રૂ ધરાવતા પનામાના કન્ટેનર જહાજને ઘેરીને ફાયરિંગ કર્યું હતું. સદનસીબે તે સમયે તમામ ભારતીય નાવિકો ઉગરી ગયા હતા, પરંતુ હાલની ઘટનાઓએ દરિયાઈ માર્ગો પર વધતા ખતરાને ફરી સપાટી પર લાવી દીધો છે.

## ભારતીય કૂટનીતિ અને દક્ષિણ એશિયાની સુરક્ષા માટે નવી ચિંતાનો વિષય

# 'ઈસ્લામિક નાટો'માં ભારતને ઘેરવાનું બાંગ્લાદેશનું કાવતરું



નવી દિલ્હી તા. ૨૧

શેખ હસીનાના ભારતમાં આશ્રય બાદ ભારત અને બાંગ્લાદેશના દ્વિપક્ષીય સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. હવે ઢાકા તરફથી પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીના 'મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ' (જેને ઈસ્લામિક નાટો કહેવામાં આવી રહ્યું છે) માં જોડાવાના સંકેત આપવામાં આવ્યા છે. આ ગતિવિધિઓ ભારતીય કૂટનીતિ અને દક્ષિણ એશિયાની સુરક્ષા માટે નવી ચિંતાનો વિષય બની છે.

જુલાઈ ૨૦૨૪ માં ઢાકામાં થયેલા હિંસક છાત્ર આંદોલન બાદ પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને પદ અને દેશ બંને છોડવા પડ્યા હતા. તેમણે ભારતમાં આશરો લીધો ત્યારથી બંને દેશોના સંબંધોમાં કડવાશ આવી છે. બાંગ્લાદેશ સતત શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું છે.ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે ઉચિત કાનૂની પ્રક્રિયા હેઠળ આ બાબતે વિચાર કરી રહ્યું છે. વડાપ્રધાન તારિક રહેમાનના ભારત પ્રવાસ અંગે પણ પ્રશ્નાર્થ ચિન્હ ઊભું થયું છે. વિદેશ બાબતોના સલાહકાર હુમાયુ કબીરે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી બંને દેશો વચ્ચે યોગ્ય માહોલ નહીં બને, ત્યાં સુધી આ યાત્રા મુશ્કેલ છે.

આ મહિનાની શરૂઆતમાં પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તુર્કીએ એક નવા સંરક્ષણ કરારનો પાયો નાખ્યો હતો, જેમાં અન્ય મુસ્લિમ દેશો પણ જોડાઈ શકે તેવી ચર્ચા છે. આ કરારની સૌથી મહત્ત્વની વિશેષતા એ છે કે આ દેશોમાંથી કોઈપણ એક પર હુમલો થશે, તો તેને તમામ દેશો પર થયેલો હુમલો માનવામાં આવશે.વિદેશ બાબતોના સલાહકાર હુમાયુ કબીરે જણાવ્યું છે કે બદલાતા વૈશ્વિક પરિદ્રશ્ય અને પોતાની જરૂરિયાતોના આધારે બાંગ્લાદેશ આ ગઠબંધનમાં સામેલ થવા માટે પોતાના વિકલ્પો ખુલ્લા રાખી રહ્યું છે.કેટલાક નિષ્ણાતો માને છે કે આ ગઠબંધનને 'નાટો' કહેવું યોગ્ય નથી, કારણ કે આમાં દરેક દેશ પોતાના હિત સાધી રહ્યો છે અને તેમની પાસે હાલ કોઈ સમાન લક્ષ્ય નથી. ભારત સાથેના તણાવ વચ્ચે બાંગ્લાદેશ પોતાના અન્ય પડોશી દેશો સાથે સંબંધો મજબૂત કરી રહ્યું છેઃ તાજેતરમાં જ વડાપ્રધાન તારિક રહેમાન ચીનની મુલાકાતે પહોંચ્યા હતા.પાકિસ્તાન અને તુર્કીયે સાથે 'ઈસ્લામિક નાટો'માં જોડાવાનો ઈશારો કરીને ઢાકા ભારતની સુરક્ષા ચિંતાઓમાં નોંધપાત્ર વધારો કરી રહ્યું છે.

# ભાવનગર લઠ્ઠાકાંડનો મુખ્ય સૂત્રધાર ભોપાલથી ઝડપાયો

## રઈસ ઉર્ફે રઈસ અહમદના ૯ દિવસના રિમાન્ડ મંજૂર : વધુ આરોપીઓ સુધી પહોંચવાની સંભાવના

રાજકોટ, તા. ૨૧

ભાવનગરના ચર્ચિત નકલી દારૂકાંડમાં ગુજરાત પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ ગણાતા રઈસ ઉર્ફે રઈસ અહમદ ગાસી બાબુ અન્સારીની મધ્યપ્રદેશના ભોપાલ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. ઘટના બાદ ફરાર થઈ મધ્યપ્રદેશમાં છુપાયેલા આરોપીને ટેકનિકલ સર્વેલન્સ અને લોકેશનના આધારે ગુજરાત પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. ભાવનગરમાં નકલી દારૂકાંડ સામે આવ્યા બાદ આરોપી રઈસ ફરાર થઈ ગયો હતો. પોલીસ તેની સતત શોધખોળ કરી રહી હતી. આ દરમિયાન ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય ગુપ્ત માહિતીના આધારે આરોપીના ભોપાલમાં હોવાની માહિતી મળી હતી. ગુજરાત પોલીસની ટીમે મધ્યપ્રદેશમાં કાર્યવાહી કરીને રઈસને ઝડપી પાડ્યો હતો. જરૂરી કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આરોપીને ભાવનગર લાવવામાં આવ્યો હતો, જ્યાં શુક્રવારે ૨૧ ઓગસ્ટે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે તેને અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો.

ભાવનગરમાં નકલી દારૂકાંડ સામે આવ્યા બાદ આરોપી રઈસ ફરાર થઈ ગયો હતો. પોલીસ તેની સતત શોધખોળ કરી રહી હતી. આ દરમિયાન ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય ગુપ્ત માહિતીના આધારે આરોપીના ભોપાલમાં હોવાની માહિતી મળી હતી. ગુજરાત પોલીસની ટીમે મધ્યપ્રદેશમાં કાર્યવાહી કરીને રઈસને ઝડપી પાડ્યો હતો. જરૂરી કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આરોપીને



ભાવનગર લાવવામાં આવ્યો હતો, જ્યાં શુક્રવારે ૨૧ ઓગસ્ટે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે તેને અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે કોર્ટ સમક્ષ આરોપીના રિમાન્ડની માંગણી કરતાં જણાવ્યું હતું કે નકલી દારૂના સમગ્ર કૌભાંડનું મૂળ શોધવા માટે વિસ્તૃત પૂછપરછ જરૂરી છે. ખાસ કરીને નકલી દારૂમાં ઉપયોગમાં લેવાયેલા કેમિકલ, તેના ઉત્પાદનનું સ્થળ, સપ્લાય ચેઇન અને આ સમગ્ર નેટવર્ક સાથે જોડાયેલા અન્ય આરોપીઓ સુધી પહોંચવા માટે રઈસની પૂછપરછ મહત્વપૂર્ણ છે. ગુનાની ગંભીરતા અને તપાસની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અદાલતે આરોપી રઈસના ૯ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે રિમાન્ડ દરમિયાન પોલીસને આ કૌભાંડ સાથે જોડાયેલા અન્ય મોટા માથા અને આંતરરાજ્ય નેટવર્ક અંગે મહત્વપૂર્ણ માહિતી મળવાની શક્યતા છે. ભાવનગરના નકલી દારૂકાંડમાં અત્યાર સુધી કુલ ૮ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૩૧થી વધુ દર્દીઓ ભાવનગરની સર ટી. હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ હોવાનું જણાવાયું છે. નકલી દારૂના કારણે થયેલી આ ગંભીર ઘટનાએ સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી છે. પોલીસ હવે માત્ર સ્થાનિક બુટલેગરો પૂરતી તપાસ મર્યાદિત રાખવાને બદલે દારૂના ઉત્પાદનથી લઈને તેના સપ્લાય સુધીના સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે.

આ કેસમાં પોલીસે અગાઉ ૨૧ ઓગસ્ટે ૧૩ આરોપીઓને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કર્યા હતા. જોકે, કોર્ટે તમામ ૧૩ આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. હવે સમગ્ર કૌભાંડના માસ્ટરમાઈન્ડ ગણાતા રઈસની ધરપકડ બાદ તપાસને વધુ મહત્વપૂર્ણ દિશા મળી છે. પોલીસને આશા છે કે તેની પૂછપરછથી નકલી દારૂનું કેમિકલ નેટવર્ક, ઉત્પાદનની વ્યવસ્થા અને વિવિધ રાજ્યો સુધી ફેલાયેલી સપ્લાય ચેઇન અંગે વધુ મોટા ખુલાસા થઈ શકે છે.



# MSME-નાના કારીગરોને તાલીમ આપશે વોલમાર્ટ

## ૨૦૨૮સુધીમાં ૧.૭૦ લાખ MSMEને તાલીમ પૂરી પાડવાનો લક્ષ્યાંક : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત ડેલિગેશન સાથે યુ.એસ.-કેનેડાના સાપ્તાહિક પ્રવાસ અંતર્ગત સાન ફ્રાંન્સિસ્કોની સફળ મુલાકાત પૂર્ણ કરીને વોશિંગટન ડી.સી. પહોંચ્યા

નવી દિલ્હી, તા.૨૦

વોશિંગટન ડી.સી.માં મુખ્યમંત્રીની વન ટુ વન બેઠકના ઉપક્રમમાં વોલમાર્ટના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ યુત ડેન બ્રાયન્ટ સાથે તેમણે બેઠક યોજી હતી.ગુજરાત મોટા પાયે ખજખઊ ઉદ્યોગો ધરાવે છે તે સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ બેઠકમાં વોલમાર્ટના ગ્લોબલ પબ્લિક પોલિસી એન્ડ ગવર્નમેન્ટ અફેર્સના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ બ્રાયન્ટે રાજ્યના વિશાળ MSME પુલને સેન્સીટાઈઝ કરીને ગુણવત્તા સુધારણા દ્વારા નિકાસ તકો વધારવા અંગે પરામર્શ કર્યો હતો.

વોલમાર્ટ દ્વારા વૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૧.૧૫ લાખથી વધુ ખજખઊતને તાલીમ આપવામાં આવી છે એટલુ જ નહિ, ૨૦૨૮ સુધીમાં ૧.૭૦ લાખ ખજખઊને તાલીમ પૂરી પાડવાનો લક્ષ્યાંક તેમણે રાખ્યો છે તેની વિગતો યુત બ્રાયન્ટે મુખ્યમંત્રી સમક્ષ આપી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વોલમાર્ટ અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે મળીને વર્કશોપના આયોજનોથી MSMEની સેક્ટરલ સંભાવનાઓની ઓળખ કરે તે માટે પણ ચર્ચાઓ કરી હતી. રાજ્ય સરકાર અને વોલમાર્ટ આગામી ૩થી ૪ મહિનામાં આવા ખજખઊ અને નાના કારીગરો માટે સંભવિત વૈશ્વિક તકો પર સાથે મળીને કામ કરી શકે તે માટે પરસ્પર વિમર્શ થયો હતો. આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૨૭ દરમિયાન આ અંગે એક સ્પષ્ટ રોડમેપ જાહેર કરવાની દિશામાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને યુત બ્રાયન્ટે તથા ડેલિગેશને ફળદાયી મંત્રણાઓ કરી હતી. આ વન ટુ વન બેઠકમાં મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મતી મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજ્યમાં ૨૫ થી ૩૧ ઓગસ્ટ ઉજવાશે 'સંસ્કૃત સપ્તાહ'

## વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ગુજરાતમાં સંસ્કૃતનું મહા જનઅભિયાન

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પિત તથા રાજ્યકક્ષાની ઉચ્ચસ્તરીય સ્થાયી સમિતિમાં નિર્ધારિત 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ગુજરાતમાં સંસ્કૃત સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવનાર છે. આ વર્ષે સંસ્કૃત સપ્તાહને શાળા, મહાવિદ્યાલય અને યુનિવર્સિટી ત્રણેય સ્તરે તથા જિલ્લા અને તાલુકા વહીવટીતંત્રની સક્રિય ભાગીદારી સાથે વ્યાપક સ્વરૂપ આપવામાં આવ્યું છે.આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય ઓનલાઈન બેઠકમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન હિમાંજય પાલીવાલ, જિલ્લા શિક્ષણાધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તથા યુનિવર્સિટીના કુલસચિવઓ જોડાયા હતા.




આ વર્ષે સંસ્કૃત સપ્તાહની ઉજવણીને માત્ર શિક્ષણ વિભાગ પૂરતી મર્યાદિત રાખવામાં આવી નથી.જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય અમલીકરણ સમિતિ,તાલુકા કક્ષાએ મામલતદારની અધ્યક્ષતામાં તાલુકા સ્તરીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવશે.આ સમિતિઓમાં શિક્ષણ તંત્ર ઉપરાંત સ્થાનિક વહીવટીતંત્ર, સંસ્કૃતજ્ઞો, શિક્ષણવિદો તથા સામાજિક સંસ્થાઓને જોડવામાં આવ્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ સંસ્કૃત ગૌરવ, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત સાહિત્ય તથા સુભાષિત આધારિત વિવિધ કાર્યક્રમો યોજી સંસ્કૃતને જનભાગીદારી સાથે જોડવામાં આવશે.

તા.૨૫ ઓગસ્ટથી સંસ્કૃત ગૌરવ યાત્રા સંસ્કૃત ગીતો, સુભાષિતો, સંસ્કૃત ગ્રંથો તથા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે શોભાયાત્રા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને નાગરિકોની ભાગીદારીથી ઉજવણી શરૂ કરવામાં આવશે.તા. ૨૭ ઓગસ્ટના રોજ સંસ્કૃત સંભાષણ દિવસ શાળા, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા દૈનિક વ્યવહારમાં સંસ્કૃતનો ઉપયોગ. સોશિયલ મીડિયા પર સંસ્કૃત સંદેશાઓનો પ્રસાર કરાશે.૨૯ ઓગસ્ટ સંસ્કૃત સાહિત્ય દિન નિમિત્તે વેદ, ઉપનિષદ, મદ્ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, મહાકાવ્યો અને સુભાષિતોનું વાચન, વ્યાખ્યાન, પુસ્તક પ્રદર્શન, કાવ્યપઠન અને નિબંધ સ્પર્ધાઓ યોજાશે.તા.૩૧ ઓગસ્ટના રોજ સામૂહિક સુભાષિત પઠન દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પ્રસંગોએ ઉલ્લેખિત ૧૦ પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતોનું સામૂહિક પઠન અને રાજ્યસ્તરીય સમાપન નું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રીના સંસ્કૃત પ્રત્યેના સત્સંકલ્પને જનઆંદોલનનું સ્વરૂપ તેમજ 'વિકાસ પણ, વિરાસત પણ'ના સંકલ્પ સાથે ભારતની જ્ઞાનપરંપરા અને સાંસ્કૃતિક વારસાના સંવર્ધનને નવી દિશા મળી છે. ગઊક-૨૦૨૦ માં ભારતીય ભાષાઓ અને સંસ્કૃતને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે.''સંસ્કૃત માત્ર એક ભાષા નથી; તે ભારતની જ્ઞાનપરંપરા, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ચેતનાનું જીવંત સેતુ છે. પરિપત્રનું પ્રસરણ એ કાર્યનો અંત નથી; દરેક શાળામાં પ્રવૃત્તિ થાય, દરેક વિદ્યાર્થી સંસ્કૃત સાથે જોડાય અને સમાજમાં સંસ્કૃત પ્રત્યે ગૌરવની ભાવના જાગે એ જ આ આયોજનની સાચી સફળતા છે.''તેમ હિમાંજય પાલીવાલ ચેરમેન , ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે.આ આયોજન અંતર્ગત શ્લોકપઠન, ગીતા પઠન, નિબંધ-વક્તૃત્વ, પ્રદર્શન, સંસ્કૃત નાટ્ય, અને ડિજિટલ સંસ્કૃત સર્જન સહિતની પ્રવૃત્તિઓથી સમગ્ર રાજ્ય ગૂંજી ઉઠશે.

# પાલક પિતાના સ્થાને મૂળ પિતાનુ નામ ના લાગે : HC

## પાલક પિતા અને દતક લેનાર પુત્ર બંનેની સંમતિ હોય તો પણ કાનૂની રીતે પિતાનું નામ બદલી ના શકાય નહીં

અમદાવાદ, તા.૨૧

શું કોઈ બાળક કાનૂની પ્રક્રિયાથી દતક લેવાયું હોય, તે ભવિષ્યમાં તેના પાલક પિતાના સ્થાને બાયોલોજીકલ (મૂળ) પિતાનું નામ પોતાના નામ સાથે ફરી જોડી શકે? ગુજરાત હાઈકોર્ટે આ અંગે સ્પષ્ટતા કરતા આકરી ટિપ્પણી સાથે 'ના' પાડી છે. અદાલતે બાળકના મૂળ પિતાનું નામ પુનઃ સ્થાપિત કરવાની અરજી ફગાવી દેતા સ્પષ્ટ કર્યું છે કે પાલક પિતા અને દતક લેનાર પુત્ર બંનેની સંમતિ હોય તો પણ કાનૂની રીતે પિતાનું નામ બદલી શકાય નહીં.

શું હતો સમગ્ર મામલો? વર્ષ ૨૦૧૫માં એક મહિલા વિધવા થતાં તેમણે એક વિધુર પુરુષ સાથે પુનઃલગ્ન કર્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૨માં વિધવા મહિલાના સગીર પુત્રને તેના પાલક પિતાએ કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરીને દતક લીધો હતો. અદાલતના આદેશથી સગીરના તમામ સરકારી અને કાનૂની દસ્તાવેજોમાં મૂળ પિતાના બદલે દતક લેનાર પાલક પિતાનું નામ ઉમેરવામાં આવ્યું હતું.

ભેદભાવના આરોપ સાથે ૧૯ વર્ષે કોર્ટના દ્વાર ખખડાવ્યા પુત્ર ૧૯ વર્ષનો થતાં તેણે કોર્ટમાં અરજી કરી હતી કે તેના પાલક પિતા તેના પોતાના સંતાન (ઓરમાન ભાઈ)ની સરખામણીએ તેની સાથે ભેદભાવ રાખે છે અને તેને નજરઅંદાજ કરે છે. આથી તેણે પોતાના પાલક પિતાનું નામ હટાવીને મૂળ પિતાનું નામ દસ્તાવેજોમાં દાખલ કરવા માંગ કરી હતી. લાગણી કે વર્તન કાનૂનથી પર હોઈ શકે નહીંઃ હાઈકોર્ટ અદાલતે અરજી ફગાવતા હિન્દુ દતક ધારાની કલમ ૧૫નો ઉલ્લેખ કર્યો હતો. અદાલતે મહત્વપૂર્ણ અવલોકન કરતા જણાવ્યું હતું કે, કાયદાકીય રીતે પૂર્ણ થયેલી દતક વિધિ બાદ પિતાનું નામ બદલી શકાતું નથી, સિવાય કે તેમાં કોઈ ફ્રોડ કે ગંભીર ભૂલ સાબિત થાય. પુત્ર અને માતાની એ ચિંતા વાજબી હોઈ શકે કે પાલક પિતા યોગ્ય સંભાળ રાખતા નથી, પરંતુ આવી લાગણીઓ કે ચિંતાઓ કાનૂની પ્રક્રિયાને નજરઅંદાજ કરી શકે નહીં.

જોકે, અદાલતે ચુકાદો આપતી વખતે સ્પષ્ટ કર્યું હતું કે પાલક પિતા પર લાગેલા ભેદભાવના આરોપો અંગે કોર્ટ કોઈ અંગત અભિપ્રાય વ્યક્ત કરતી નથી, પરંતુ કાયદાની મર્યાદા બહાર જઈને પિતાનું નામ બદલવાની મંજૂરી આપી શકાય નહીં.

# ભેળસેળિયા તત્વોને ડામી દેવા સામે સરકાર કટિબદ્ધ

## અનાલોગ પનીર, બનાવટી ઘી અને ભેળસેળયુક્ત લોટ સામે રાજ્યવ્યાપી કડક ચેકિંગઃ સસ્તા ભાવની લાલચમાં ન આવવા મંત્રી પ્રફુલ પાનશેરીયાની અપીલ

ગાંધીનગર, તા.૨૧



શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં નાગરિકોની શ્રદ્ધા અને સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરનારા ભેળસેળિયા વેપારીઓ સામે રાજ્ય સરકાર 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી રહી હોવાની સ્પષ્ટ ચેતવણી આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ આપી છે. પવિત્ર માસ દરમિયાન નાગરિકોને શુદ્ધ અને સાત્વિક આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં ફરાળી લોટ, માવો, પનીર, ઘી અને દૂધ જેવી ખાદ્યસામગ્રીના સ્થળો પર સતત દરોડા પાડી નકલી જથ્થો જપ્ત કરવામાં આવી રહ્યો છે.

આરોગ્ય મંત્રીએ શ્રદ્ધાળુઓને ખાસ અપીલ કરતા જણાવ્યું હતું કે, શ્રાવણ માસમાં નાગરિકો માત્ર 'પૂજા માટેનું ઘી' એવું લેબલ જોઈને ખરીદી કરી લેતા હોય છે, જે કેટલાક કિસ્સાઓમાં ભેળસેળયુક્ત હોય છે. આવા બનાવટી ઘી ખરીદવાથી ભેળસેળિયા તત્વોને પ્રોત્સાહન મળે છે. રાજ્ય સરકારે નાગરિકોની ચિંતા કરીને બનાવટી ઘી બનાવતી અનેક ફેક્ટરીઓને શોધીને સીલ કરી દીધી છે.

મંત્રીએ નાગરિકોને જાગૃત કરતા જણાવ્યું હતું કે, બજારમાં જો સહકારી મંડળીઓ કે સ્ટાન્ડર્ડ બ્રાન્ડ્સના નિયત ભાવ કરતા ખૂબ જ ઓછા ભાવે દૂધ કે ઘી મળતું હોય તો તે બનાવટી હોઈ શકે છે. સસ્તા ભાવની લાલચમાં આવી વસ્તુઓ ક્યારેય ન ખરીદવી જોઈએ. શક્ય હોય ત્યાં સુધી ખાદ્યસામગ્રી ઘરે જ બનાવવી અથવા માન્ય કંપની કે ગૃહ ઉદ્યોગ પાસેથી જ ખરીદવી. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા આગામી દિવસોમાં પણ અનાલોગ પનીર, ચીઝ, માવો અને બટર જેવી બિન-અધિકૃત અને ગેરકાયદેસર બનાવટી ડેરી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કે વેચાણ કરતા એકમો સામે સઘન ચેકિંગ અને કાયદેસરની કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

### ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં તેમજ વાલીઓની સરળતા માટે વિદ્યાર્થીલક્ષી પહેલ

# એક ક્લિકથી પુસ્તકો વિદ્યાર્થી સુધી : એમેઝોન

## રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને એમેઝોન વચ્ચે ખજ્ઞ્જ સંપન્નઃ શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની વિશેષ ઉપસ્થિતિ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ખાનગી શાળાના વિદ્યાર્થીઓના હિતમાં તેમજ વાલીઓની સરળતા માટે વિદ્યાર્થીલક્ષી પહેલ કરવામાં આવી છે. પાઠ્યપુસ્તકો વધુ સરળતાથી, પારદર્શક રીતે અને ઝડપથી ઉપલબ્ધ થાય તે હેતુથી શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે પાઠ્યપુસ્તક મંડળ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન સાથે ઐતિહાસિક સમજૂતી કરાર-એમઓયુ કરવામાં આવ્યા છે.

'ફક્ત એક ક્લિકથી પુસ્તકો વિદ્યાર્થી સુધી'ના ઉદ્દેશ્ય સાથે વિદ્યાર્થીઓને ભૌતિક પાઠ્યપુસ્તકો કોઈપણ પ્રકારની હાલાકી વિના પોતાના ઘરઆંગણે જ મળી રહે તેવા આશયથી મંડળે એમેઝોન સાથે આ મહત્વપૂર્ણ કરાર કર્યા છે. આ નવીન પહેલના પરિણામે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ જરૂરિયાત મુજબ એમેઝોન પ્લેટફોર્મ પરથી સંબંધિત ધોરણના પાઠ્યપુસ્તકો સરળતાથી ઓનલાઇન ઓર્ડર કરી શકશે.

રાજ્ય સરકારની પહેલને ઐતિહાસિક ગણાવી શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, ડિજિટલ યુગમાં ગુજરાત સરકારે 'ઈઝ ઓફ એજ્યુકેશન'ની દિશામાં એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. આ કરાર હેઠળ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રસિદ્ધ તમામ માધ્યમ અને ધોરણોના પાઠ્યપુસ્તકો એમેઝોન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે. વડાપ્રધાનના વિકસિત ભારતના સંકલ્પ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં શિક્ષણનું મજબૂત ઈકોસિસ્ટમ તૈયાર થઈ રહ્યું છે. ૧૦૦ ટકા નામાંકન અને સુવિધાસભર શાળાઓના નિર્માણ સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ છેવાડાના બાળક સુધી પહોંચાડવા અમારી સરકાર કટિબદ્ધ છે.

વિદ્યાર્થીઓ કે વાલીઓ પાસેથી કોઈપણ પ્રકારનો ડિલિવરી ચાર્જ લીધા વિના માત્ર પુસ્તક પર છાપેલી નિયત કિંમતે જ ઘરે બેઠા પુસ્તકો પહોંચાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે અપાતા પાઠ્યપુસ્તકો ઉપરાંત, જે વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવાની જરૂરિયાત હોય તેઓ હવે બુક સ્ટોર પર ગયા વગર સીધા ઓનલાઇન ઓર્ડર કરી શકશે. આ પ્રસંગે રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના પ્રમુખ મનુભાઈ પવરાએ જણાવ્યું હતું કે, આ ભાગીદારી



અંતર્ગત સેલ્ફ-ફાઈનાન્સ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હવે પુસ્તકો ખરીદવા માટે રિટેલર કે ડિસ્ટ્રિબ્યુટરની દુકાનોના ધક્કા ખાવા નહીં પડે અને સમયનો પણ બચાવ થશે. એમેઝોનના વિશાળ લોજિસ્ટિક્સ નેટવર્ક દ્વારા પુસ્તકો વિદ્યાર્થીઓના ઘર સુધી સમયસર પહોંચાડવામાં આવશે. જેના પરિણામે સત્રની શરૂઆતમાં બુક સ્ટોર્સ પર થતી ભીડ, લાંબી કતારો અને સમયના વ્યયમાંથી વાલીઓ-વિદ્યાર્થીઓને કાયમી રાહત મળશે.

કાર્યક્રમમાં પ્રિન્ટિંગ અને પેપરની વૈશ્વિક સમસ્યાઓ વચ્ચે પણ ગોડાઉન ખાતે દિવસ-રાત પરિશ્રમ કરી સમયસર પુસ્તકો પહોંચાડનારા મંડળના કર્મયોગીઓ તેમજ માનદ સેવા આપનારા શિક્ષકોની નિષ્ઠાને સર્ટીફિકેટ આપીને મંત્રીએ બિરદાવી હતી અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા દર વર્ષે સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓ માટે અંદાજે ૧.૫ કરોડ ગુણવત્તાસભર પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવે છે. હાલમાં આ પુસ્તકો તમામ જિલ્લાઓના અધિકૃત વિતરકો મારફતે પુસ્તક વિક્રેતાઓ સુધી પહોંચાડવામાં આવે છે.

આ કાર્યક્રમમાં પાઠ્યપુસ્તક મંડળના નિયામક વિનયગીરી ગોસાઈએ સ્વાગત પ્રવચન તથા નાયબ નિયામક હર્ષદ ચૌધરીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે એમેઝોનના પ્રતિનિધિ રાશી બહાદૂર અને મલય ચૌધરી, શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ મંડળ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ અંગે એમેઝોન ઈન્ડિયાના કેટેગરી લીડર બુક્સ રાશિ બહાદુરે જણાવ્યું હતું કે, ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રી સુધી પહોંચ વિદ્યાર્થીની ક્ષમતાના વિકાસમાં ક્યારેય અવરોધરૂપ ન બનવી જોઈએ. ગુજરાત જેવા શૈક્ષણિક શ્રેષ્ઠતાને સતત પ્રાથમિકતા આપતા રાજ્ય સાથે ભાગીદારી કરવા બદલ અમને ગર્વ છે. ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને શિક્ષકો સુધી શૈક્ષણિક સામગ્રી વધુ સુલભ અને વાજબી કિંમતે પહોંચાડવામાં સહયોગ આપવા માટે અમે આતુર છીએ.

ગુજરાત સ્ટેટ બોર્ડ ઑફ સ્કૂલ ટેક્સ્ટબુક્સ અને એમેઝોન ઈન્ડિયા વચ્ચે મહત્વપૂર્ણ ભાગીદારી કરવામાં આવી છે. આ પહેલનો ઉદ્દેશ્ય ગુજરાતભરના લાખો વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રીને વધુ સુલભ, વાજબી કિંમતે અને સરળતાથી ઉપલબ્ધ બનાવવાનો છે. આ ભાગીદારી દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જરૂરી અભ્યાસસામગ્રી સરળતાથી મળી રહેશે, જે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફરને વધુ સશક્ત બનાવશે.

# રા.લો. સંઘની ચૂંટણીમાં ૩૫ ઉમેદવારોના ફોર્મ માન્ય

## ૧૬ બેઠકો માટે યોજાશે ચૂંટણી : કેશુભાઈ નંદાણીએ ફોર્મ પરત ખેંચ્યું




રાજકોટ, તા. ૨૧

રાજકોટ-લોધીકા ખરીદ વેચાણ સંઘ (રા.લો. સંઘ)ની ચૂંટણી ૮ સપ્ટેમ્બરના રોજ યોજાશે જે અંતર્ગત ગઈકાલે સીટી પ્રાંત બે કચેરી ખાતે ઉમેદવારી ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવેલી આ ચકાસણીમાં તમામ ૩૫ ઉમેદવારોના નામાંકન પત્રો માન્ય રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે રા.લો. સંઘની ૧૬ બેઠકો માટે કુલ ૩૬ ઉમેદવારોએ પોતાના નામાંકન પત્રો ભર્યા હતા. પરંતુ ચકાસણી પ્રક્રિયા દરમિયાન કેશુભાઈ નંદાણી નામના ઉમેદવારે પોતાનું ફોર્મ પરત ખેંચી લેતાં ચૂંટણી મેદાનમાં કુલ ૩૫ ઉમેદવારો બાકી રહ્યા હતા અને આ તમામ ૩૫ ફોર્મ ચૂંટણી અધિકારી દ્વારા માન્ય ઠેરવવામાં આવ્યા છે.

એશિયાના સૌથી મોટા સહકારી સંઘોમાં ગણાતા રાજકોટ-લોધીકા સંઘની આ ચૂંટણીમાં સામાન્ય રીતે ભાજપ દ્વારા મેન્ડેટ આપીને ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવતી હોય છે. પરંતુ આ વખતે ભાજપમાં જોવા મળેલી આંતરિક જુથબંધીના પગલે છેલ્લી ઘડીએ ચૂંટણી લડવા ઈચ્છતા તમામ ઉમેદવારોને જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા મંજૂરી આપી દેવામાં આવી હતી. જેના કારણે ૩૬ જેટલા ઉમેદવારોએ ઉત્સાહભેર નામાંકન પત્ર ભર્યા હતા. બાદમાં કેશુભાઈ નંદાણીએ ફોર્મ પરત ખેંચતાં ૩૫ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આટલી મોટી સંખ્યામાં ફોર્મ ભરાવાને કારણે સમગ્ર સહકારી ક્ષેત્રમાં ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે.

ચૂંટણી કાર્યક્રમની વિગત અનુસાર, હવે ઉમેદવારો તા.૨૨ થી તા.૨૭ને ગુરુવાર સુધી પોતાના ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકશે. તા.૨૭ને ગુરુવારે બપોરે ત્રણ વાગ્યે ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ત્યારપછી તા.૨૯ને શનિવારે સવારે ૧૧ વાગ્યે સિટી પ્રાંત-૨ કચેરી ખાતે હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન તા.૮ના રોજ સવારે ૯ થી બપોરે ૨ વાગ્યા (૧૪ કલાક) સુધી સિટી પ્રાંત-૨ કચેરી ખાતે યોજાશે, જ્યારે તા.૯ના રોજ સવારે ૯ વાગ્યાથી મતગણતરી હાથ ધરીને તુરંત જ પરિણામ જાહેર કરી દેવાશે.

આ ચૂંટણીમાં જે ૩૫ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા છે તેમાં નીતિનભાઈ ચોવટીયા, રમેશભાઈ સોરાણી, અરવિંદભાઈ રૈયાણી, અશ્વિનભાઈ લીંબાસી, કરશનભાઈ ડાંગર, હરજીભાઈ અજાણી, નીતિભાઈ ઢાંકેચા, વિજયભાઈ સખીયા, મહેશભાઈ આસોદરીયા, પૃથ્વીસિંહ જાડેજા, ઘનશ્યામભાઈ મહેતા, ભૂપેન્દ્રસિંહ જાડેજા, રામભાઈ જળુ, ધીરુભાઈ રોકડ, રાજદીપસિંહ જાડેજા, સંજયભાઈ અમરેલીયા, હરજીભાઈ પીપળીયા, મુકેશભાઈ કમાણી, બાબુભાઈ નસીત, મનસુખભાઈ સરધારા, શૈલેષભાઈ પરસાણા, મોહનભાઈ દાફડા, ગૌરવસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, અનિરુદ્ધસિંહ જાડેજા, છગનભાઈ પટોરીયા, નીતિનભાઈ રૈયાણી, મનસુખભાઈ વેકરીયા, નરેન્દ્રકુમાર ભુવા, પરસોત્તમભાઈ પડાયા, રઘુવીરસિંહ જાડેજા અને ચિરાગભાઈ લીંબાસીયા સહિતના અગ્રણીઓનો સમાવેશ થાય છે. હાલ રાજકોટ-લોધીકા સંઘની ચૂંટણીએ સહકારી આલમમાં ભારે ઉત્સુકતા જગાડી છે. હવે ભાજપના કયા ઉમેદવારો ફોર્મ પરત ખેંચે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે અને જો ફોર્મ પરત ખેંચવાની મુદત દરમિયાન સમજૂતી શક્ય બનશે તો આ ચૂંટણી બિનહરીફ પણ થઈ શકે છે.

# મનપા ફૂડ વિભાગની લાલ આંખ

## શ્રાવણ માસ નિમિત્તે ૪૭ પેઢીઓમાં ચેકિંગ, ૫૦ કિલો અખાદ્ય ખોરાકનો નાશ અને ૪ હોટેલ સીલ મુદ્દે મેયર ચેમ્બર બહાર ધામા

રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શહેરમાં વ્યાપક પ્રમાણમાં વેચાતી ફરાળી ખાદ્યચીજો તેમજ તેના રો-મટિરિયલની શુદ્ધતા સુનિશ્ચિત કરવા અર્થે વ્યાપક ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી કુલ ૪૭ પેઢીઓની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અખાદ્ય સામગ્રી, ભેળસેળ અને ગંદકી જણાતાં કુલ અંદાજિત ૫૦ કિલોગ્રામ જેટલા વાસી અને અખાદ્ય ખાદ્યજથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત લાયસન્સ, સ્ટોરેજ અને હાઈજેનિક કન્ડિશન યોગ્ય ન હોવાના કારણે ૦૫ પેઢીઓને નોટિસ આપવામાં આવી હતી અને તેમની પાસેથી રૂ. ૧૭,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો તેમજ ૠજ્જ-એક્ટ હેઠળ ફરાળી પેટીસ અને લોટના ૦૪ નમૂના લેવામાં આવ્યા હતા.

ગંભીર બેદરકારી દાખવનાર ૦૪ પેઢીઓને સીલ કરવામાં આવી હતી.



જેમાં કોઠારીયા રોડ પર આવેલ જય રામનાથ ચાઈનીઝ પંજાબીમાંથી ૧૩ કિલો વાસી મંચૂરિયન તથા અખાદ્ય ખોરાકનો નાશ કરી રૂ. ૩૦૦૦ વહીવટી ચાર્જ વસૂલાયો હતો. કવિ નાનાલાલ માર્ગ પર આવેલ હરેકૃષ્ણ રેસ્ટોરન્ટ એન્ડ ફૂડ પાર્સલમાંથી અમાન્ય ફૂડ કલર અને ૮ કિલો વાસી ખોરાક મળતાં રૂ. ૩૦૦૦ ચાર્જ વસૂલાયો હતો. યુનિવર્સિટી રોડ પર આવેલ ૐ સાંઈ ચાઈનીઝ પાઉંભાજી રેસ્ટોરન્ટમાંથી પ્રતિબંધિત ફૂડ કલર, વાસી ગ્રેવી અને પાઉંભાજી મળી ૧૧ કિલો જથ્થો નાશ કરી રૂ. ૫૦૦૦ ચાર્જ વસૂલાયો હતો. તેમજ યુનિવર્સિટી રોડની એન્જલ ચાઈનીઝ પંજાબી પેઢીમાંથી પ્રતિબંધિત કલર, વાસી ખોરાક અને સડેલા શાકભાજી મળી ૧૮ કિલો જથ્થો નાશ કરી રૂ. ૫૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલી સીલ કરવાની કાર્યવાહી કરાઈ હતી.

આ ઉપરાંત સમૃદ્ધ ડેરી ફાર્મ (પંચવટી રોડ) અને મહેશ વિજય ડેરી ફાર્મ (એસ્ટ્રોન ચોક) માંથી પનીર તથા કૈલાશ ફરસાણ (એસ્ટ્રોન ચોક) અને શ્રી હરી ફરાળ (અમીન માર્ગ) માંથી ફરાળી પેટીસના નમૂના લેવાયા હતા. જ્યારે પટેલ ડેરી ફાર્મ (નાના મવા રોડ) ને લાયસન્સ બાબતે નોટિસ આપી રૂ. ૧૦૦૦ વહીવટી ચાર્જ વસૂલાયો હતો. આ ઝુંબેશ અંતર્ગત એસ્ટ્રોન ચોક, અમીન માર્ગ, પંચવટી રોડ, ૬૬ ફૂટ રોડ, કોઠારીયા રોડ, દોશી હોસ્પિટલ રોડ અને આકાશવાણી ચોક-યુનિવર્સિટી રોડ વિસ્તારમાં આવેલ બાલાજી ઘુઘરા, પતિરા બ્રધર્સ, અતુલ બેકરી, પાયલ ડેરી ફાર્મ, ભવાની ગાંઠિયા, સિયારામ સ્વીટ, બિકાનેર સ્વીટ માર્ટ, સૂર્યા ઢોસા, ખોડીયાર ફૂડ ઝોન, ભારત ડાઈનિંગ હોલ સહિત અન્ય ૩૮ ખાણી-પીણીના એકમોમાં પણ ફૂડ વિભાગની ટીમ દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી.

### ગોંડલ-હિરાસર ગ્રીનફિલ્ડ સિક્સલેન રોડ માટે જ

# જમીન સંપાદન માટે ખેડૂતોનો વિરોધ

## વિશાળ સંખ્યામાં ગ્રામજનો કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને અધિક કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું



રાજકોટ, તા. ૨૧

ગોંડલ-હિરાસર ગ્રીનફિલ્ડ સિક્સલેન રોડ માટે હાલ મોટાપાયે ખેતીની જમીન સંપાદિત કરવાની કામગીરી ચાલી રહી છે, જેની સામે રફાળા ગામના ખેડૂતો અને ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો છે. આ મામલે આજે વિશાળ સંખ્યામાં ગ્રામજનો કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને અધિક કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરી પોતાની રજૂઆત કરી હતી.

આ અંગે રફાળા ગ્રામ પંચાયતના સરપંચ રાઠોડ તેમજ ધીરૂભાઈ પરસાણા, જાગાભાઈ સોજીત્રા અને પરેશભાઈ કિયાડા સહિતના અગ્રણી ખેડૂતોએ જણાવ્યું હતું કે, ગોંડલ-હિરાસર ગ્રીનફિલ્ડ સિક્સલેન રોડ માટે સંપાદન થનારી જમીનમાં મોટા ભાગના ખેડૂતો નાના અને સીમાંત વર્ગના છે. આ સંજોગોમાં તેમની જમીન સંપાદિત થયા બાદ તેમના પુનર્વસન, પુનઃસ્થાપન અને ભવિષ્યના જીવનનિર્વાહ માટે સરકાર તથા નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા શું આયોજન કરવામાં આવ્યું છે તેની સંપૂર્ણ વિગતો જાહેર કરવી અત્યંત જરૂરી છે.

ખેડૂતોએ આવેદનપત્રમાં મુખ્ય પ્રશ્નો ઉઠાવતા માગણી કરી છે કે જમીનનું વળતર કયા કાયદા અને કયા ધોરણ મુજબ નક્કી કરવામાં આવશે તેમજ તેની બજાર કિંમત નક્કી કરવાની પદ્ધતિ કઈ રહેશે. આ ઉપરાંત ખેડૂતોને મળવાપાત્ર ગુણાકાર, ૧૦૦ ટકા સોલેટિયમ, પુનર્વસન સહાય તથા અન્ય તમામ લાભોની લેખિત વિગતો જાહેર કરવામાં આવે.

આ સાથે જ પ્રસ્તાવિત ગ્રીનફિલ્ડ રોડનું એલાઈનમેન્ટ કયા આધારે નક્કી કરવામાં આવ્યું છે અને ખેડૂતોને ઓછું નુકસાન થાય અથવા સરકારી જમીનનો વધુ ઉપયોગ થઈ શકે તેવા વૈકલ્પિક એલાઈનમેન્ટ અંગે વિચારણા કરવામાં આવી છે કે નહીં, તેની વિગતો પણ જાહેર કરવાની માગ કરી છે. ખેડૂતોએ વધુમાં જણાવ્યું છે કે આ પ્રોજેક્ટમાં સંપાદિત થનારી જમીનનું વર્તમાન માર્કેટ રેટ મુજબ વળતર આપવામાં આવે. જો આ પ્રશ્ને યોગ્ય પગલાં નહીં લેવાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ પ્રકરણમાં રફાળાના ખેડૂતો દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટીને પણ લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

### જનરલ બોર્ડની બેઠકમાં નગરસેવકોએ આ મુદ્દે ભારે અસંતોષ વ્યક્ત કર્યો : લીગલ પેનલની ઢીલી નીતિ અને કામગીરી સામે આકરા પ્રહારો

# મનપાના ૮૧૨ કેસો વિવિધ અદાલતોમાં પેન્ડિંગ



રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાનૂની બાબતો અને કોર્ટ કેસોની પેરવી માટે ખાનગી વકીલોની વિશેષ લીગલ પેનલ બનાવવામાં આવી છે. લીગલ શાખા હસ્તક કુલ ૧૭ જેટલા વકીલોને આ પેનલમાં સામેલ કરવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યજનક અને ગંભીર બાબત એ છે કે હાલની સ્થિતિએ મનપાના ૮૧૨ જેટલા કેસો અલગ-અલગ અદાલતોમાં પેન્ડિંગ પડ્યા છે. જનરલ બોર્ડની બેઠકમાં નગરસેવકોએ આ મુદ્દે ભારે અસંતોષ વ્યક્ત કરીને લીગલ પેનલની ઢીલી નીતિ અને કામગીરી સામે આકરા પ્રહારો કર્યા હતા.

સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લેબર કોર્ટ, ટેક્સ અને ફૂડ વિભાગને લગતા સેંકડો કેસો લાંબા સમયથી અદાલતોમાં અટવાયેલા પડ્યા છે. નગરસેવકોએ બોર્ડમાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે, પેનલમાં સામેલ ખાનગી વકીલોને પોતાની અંગત પ્રેક્ટિસમાંથી જ સમય મળતો નથી. પરિણામે, તેઓ મનપાના પેન્ડિંગ કેસોને ઝડપથી ચલાવવામાં કે તેનો વહેલી તકે નિકાલ લાવવામાં કોઈ રસ દાખવતા નથી.

મહાનગરપાલિકા દ્વારા કાનૂની લડાઈઓ માટે પાણીના મોલે ફી ચૂકવવામાં આવતી હોવા છતાં યોગ્ય ફોલોઅપના અભાવે કેસો વર્ષો સુધી ખેંચાયા કરે છે. તંત્રની આ બેદરકારીના કારણે મનપાના નાણાં અને સમય બંનેનો વ્યય થઈ રહ્યો છે. નગરસેવકોએ માંગ કરી છે કે આવા નિષ્ક્રિય વકીલો સામે કડક વલણ અપનાવવામાં આવે અને પેન્ડિંગ કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે લીગલ શાખા દ્વારા સઘન આયોજન અને સતત મોનિટરિંગ કરવામાં આવે.

### દરેક જિલ્લા કક્ષાએ કલેક્ટરને આવેદનપત્ર અને રજૂઆત : બિન-મહેસુલી કામગીરી અને જોબચાર્ટનો બહિષ્કાર

# મહેસુલી કર્મચારીઓનું ‘વર્ક ટુ રૂલ’ આંદોલન




રાજકોટ, તા. ૨૧

રાજ્યના મહેસુલી તલાટીઓના જોબચાર્ટમાં જરૂરી સુધારા કરવા, વિસંગતતાઓ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી ચોક્કસ કામગીરીથી અળગા રહેવા અને બઢતી સમયે કરવામાં આવતા બિનજરૂરી જિલ્લા ફેરના મુદ્દાઓને લઈને સરકારી કર્મચારીઓમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. ગુજરાત રાજ્ય મહેસુલી મહામંડળ (વર્ગ-૩)ના આદેશ અનુસાર, આજથી રાજ્યભરના આશરે ૧૨,૦૦૦ જેટલા મહેસુલી તલાટીઓ, નાયબ મામલતદારો અને કલાર્કોએ 'વર્ક ટુ રૂલ' આંદોલનનો પ્રારંભ કર્યો છે.

આ આંદોલનના ભાગરૂપે રાજકોટ સહિત રાજ્યના તમામ જિલ્લા કક્ષાએ મંડળના હોદ્દેદારોએ એકઠા થઈને કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. મંડળ દ્વારા તા. ૧૯/૮ના સંદર્ભિત પત્રથી મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી તેમજ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવને કર્મચારીઓના સેવા વિષયક પ્રશ્નો અંગે વિગતવાર અગાઉ પણ રજૂઆત કરવામાં આવી ચૂકી છે. મહામંડળ દ્વારા સતત રજૂઆતો કરવા છતાં વિભાગ દ્વારા કર્મચારીઓની સતત ઉપેક્ષા કરવામાં આવતી હોવાથી કર્મચારીઓમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. જિલ્લા મહેસુલી મંડળોની રજૂઆતો અને પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને મહામંડળે કર્મચારીઓના હિતમાં તાત્કાલિક અસરથી નિર્ણય લીધો છે. જે અંતર્ગત તમામ મહેસુલી કર્મચારીઓ 'વર્ક વિથ ડિગ્નિટી' અને 'વર્ક ટુ રૂલ'ના સિદ્ધાંતો મુજબ માત્ર સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ ના સરકારી સમય દરમિયાન જ ફરજ બજાવશે. આ નિર્ધારિત સમય પૂર્ણ થયા બાદ કે જાહેર રજાના દિવસોમાં કોઈપણ પ્રકારની સામાન્ય, નિયમિત કે ઓનલાઈન કામગીરીથી કર્મચારીઓ સંપૂર્ણપણે અળગા રહેશે.

મહેસુલી તલાટીઓના જોબચાર્ટમાં દર્શાવેલ કેટલાક મુદ્દાઓ મહેસૂલ વિભાગ સાથે સીધા સંકળાયેલા ન હોવા છતાં તેમની માથે સોંપી દેવામાં આવ્યા છે. જેથી મહામંડળે રાજ્યના તમામ મહેસુલી તલાટીઓ અને કર્મચારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે જ્યાં સુધી આ બિન-મહેસુલી મુદ્દાઓ જોબચાર્ટમાંથી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી તે અંગેની કામગીરી કરવી નહીં. વિભાગ કક્ષાએથી ઉતાવળે લેવાયેલા નિર્ણયોના કારણે જોબચાર્ટમાં ખામીઓ રહી ગઈ હોવાથી તેની પુનઃ સમીક્ષા કરવી અત્યંત જરૂરી બન્યું છે. જ્યાં સુધી પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ ન આવે ત્યાં સુધી હાલના જોબચાર્ટનો અમલ તુરંત સ્થગિત કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. વધુમાં, સરકાર દ્વારા 'એક ગામ દીઠ એક મહેસુલી તલાટી'નું મહેકમ મંજૂર કરી નિમણૂક કરવામાં આવે તથા પંચાયત કચેરીની જેમ ગ્રામ્ય સ્તરે અલગથી રેવન્યુ કચેરીઓ ઊભી કરવામાં આવે, તો જ નવા જોબચાર્ટનો સુચારુ રીતે અમલ થઈ શકે તેમ છે.

# ૩.૬૦ લાખ કરદાતાઓ પાસેથી ૨૬૩ કરોડની વસુલાત

## વ્યાજ માફી યોજના હેઠળ કરદાતાઓને રૂ. ૧૦,૦૦૦ સુધી રાહત; ૩૦ સપ્ટેમ્બર સુધી સંપૂર્ણ વેરો ભરવા મનપાનો અનુરોધ




રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન હાથ ધરવામાં આવેલી સઘન કામગીરીના સકારાત્મક પરિણામો સામે આવ્યા છે. મનપા દ્વારા હાથ ધરાયેલી આ ઝુંબેશ દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૩,૬૦,૪૦૫ કરદાતાઓ દ્વારા રૂ. ૨૬૩.૮૧ કરોડ જેટલી માતબર રકમનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે. આ સાથે જ મનપા દ્વારા અમલમાં મુકવામાં આવેલી વ્યાજ માફી યોજનાને પણ કરદાતાઓ તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨,૦૮૧ કરદાતાઓએ રૂ. ૩.૮૭ કરોડનો વેરો ભરીને આશરે રૂ. ૫૨.૩૯ લાખની વ્યાજ માફીનો લાભ મેળવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા હાલમાં મિલકત વેરામાં રૂ. ૫,૦૦૦ અને પાણી વેરામાં રૂ. ૫,૦૦૦ મળીને કુલ રૂ. ૧૦,૦૦૦ સુધીની વ્યાજ માફી આપવામાં આવી રહી છે. આ રાહતનો મહત્તમ લાભ લેવા માટે નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા તમામ શહેરીજનોને અપીલ કરવામાં આવી છે કે તેઓ તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં પોતાનો તમામ બાકી વેરો ભરપાઈ કરી વ્યાજ માફીનો લાભ લે અને શહેરના વિકાસકાર્યોમાં ભાગીદાર બને.

આ સમગ્ર કામગીરી મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશનર સી.કે. નંદાણી, સેન્ટ્રલ ઝોનના આસિસ્ટન્ટ કમિશનર કાશ્મીરાબેન વાઢેર, વેસ્ટ ઝોનના આસિસ્ટન્ટ કમિશનર દીપેન ડોડીયા અને ઈસ્ટ ઝોનના આસિસ્ટન્ટ કમિશનર રાજીવ ગામેતીના નેતૃત્વમાં થઈ રહી છે. તેમજ સેન્ટ્રલ ઝોન મેનેજર્સ વત્સલ પટેલ અને ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજર્સ મયુર ખીમસુરીયા અને હાર્દિકસિંહ જાડેજા, ઈસ્ટ ઝોન મેનેજર ગૌરવ ઠક્કર સહિત તમામ વોર્ડ ઓફિસરો તથા ટેક્સ ઈન્સ્પેક્ટરો દ્વારા સઘન રિકવરી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ફડાકાથી સારવાર !

## મેડિકલ ઓફિસરને મગજ ગુમાવવો ભારે પડ્યો, હવે મોંઘી 'દવા' થશે



રાજકોટની સિવિલ હોસ્પિટલમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. અહીંના મેડિકલ ઓફિસરે પોતાના મગજ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. તેમણે પોતાની સાથે કામ કરતી એક મહિલા તબીબને ફડાકો ચોડી દીધો હતો. એટલું જ નહીં, તેમણે જાહેરમાં અશોભનીય ભાષાનો પ્રયોગ પણ કર્યો હતો. દર્દીઓની સારવાર કરતા તબીબનું આવું વર્તન ખરેખર ચિંતાજનક છે.

આ ઘટના બનતા જ હોસ્પિટલના તબીબો ભારે રોષે ભરાયા હતા. તેમણે તત્કાળ હડતાલનું એલાન કરી દીધું હતું. હડતાલના કારણે હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સારવાર અર્થે આવેલા નિર્દોષ દર્દીઓ હેરાન-પરેશાન થઈ ગયા હતા. પસ્થિતિની ગંભીરતા જોઈને રાજ્ય સરકાર પણ તુરંત એક્શનમાં આવી ગઈ હતી. સરકારે ફડાકો મારનાર ડોક્ટર રામાણીને પદ પરથી દૂર કરી દીધા છે. તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી છે.

આ આખા કાંડે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચાવી દીધી છે. માત્ર એક ક્ષણ માટે મગજનો કાબૂ ગુમાવવો કેટલો ભારે પડી શકે છે, તે આ કિસ્સા પરથી સ્પષ્ટ સમજાય છે. સમાજમાં બનતા મોટાભાગના ગુનાઓ આવા ક્ષણિક આવેશમાં જ થતા હોય છે. જ્યારે માણસ ગુસ્સા પર કાબૂ રાખી શકતો નથી, ત્યારે ભારે હોનારત સર્જાય છે. ઉચ્ચ શિક્ષિત અને ટોચના તબીબો પણ આવી ભૂલો કરી બેસે છે.

ક્ષણિક આવેશમાં લેવાયેલું એક ખોટું પગલું આખી કારકિર્દી નંદવી શકે છે. જો કોઈ મોટો ગુનો થઈ જાય, તો આખી જિંદગી જેલના સળિયા પાછળ બરબાદ થઈ જાય છે. રામાણી સામે લેવાયેલા કડક પગલાં ખૂબ જ જરૂરી અને યોગ્ય છે. પરંતુ આ ઘટના બાદ તબીબોએ જે તત્કાળ હડતાલ પાડી, તે બિલકુલ આવકારી શકાય તેમ નથી.

તબીબોની પોતાની આંતરિક બઘડાટી અને ઝઘડાના કારણે ગરીબ દર્દીઓએ ભોગવવું પડ્યું. દર્દીઓ પોતાની સારવાર અને સેવાઓથી વંચિત રહે તે બાબત પણ અત્યંત નીંદનીય છે. હોસ્પિટલ એ સંવેદનશીલ જગ્યા છે. ત્યાં તબીબોએ પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખવું જરૂરી છે. પોતાની શિસ્ત અને સેવાભાવથી દર્દીઓની સંભાળ બંને જાળવવી જોઈએ.

# ત્રણ વર્ષની પ્રેક્ટિસની સ્થિતિમાં મોટો ફેરફાર

## સુપ્રીમ કોર્ટે ન્યાયિક સેવા માટે શું નિર્ણય આપ્યો ?

નવીદિલ્હી, તા. ૨૧

સુપ્રીમ કોર્ટે તેના ૨૦૨૫ ના નિર્ણયમાં સુધારો કર્યો જેમાં પ્રવેશ-સ્તરની ન્યાયિક સેવા માટે ત્રણ વર્ષની પ્રેક્ટિસ જરૂરી હતી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ''કાયદાના સ્નાતકો ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધી સંક્રમણ સમયગાળા દરમિયાન અરજી કરી શકે છે. આ પછી, એક વર્ષ સક્રિય પ્રેક્ટિસ જરૂરી રહેશે, અને પસંદગી પર, માળખાગત શૈક્ષણિક તાલીમ અને કારકુનશીપ જરૂરી રહેશે.'' ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રને અસંમતિ વ્યક્ત કરી, અને સમીક્ષા અરજીઓ ફગાવી દેવામાં આવી. ચુકાદો આપતા, મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે ન્યાયતંત્રમાં જોડાતા પહેલા ઉમેદવાર પાસે કાનૂની અનુભવ હોવો જોઈએ તે મૂળભૂત તર્કમાં દખલ કરવાનું કોઈ કારણ બેન્ચને દેખાતું નથી. જો કે, બેન્ચે એવો પણ મત વ્યક્ત કર્યો હતો કે પૂર્વ અનુભવની આવશ્યકતાનો વાજબી આધાર હોવો જોઈએ જેથી કોઈ પણ ગેરલાભ ન થાય.

પૂર્વ અનુભવ વિનાના ઉમેદવારો ૨૦ મે, ૨૦૨૫ અને ૩૧ માર્ચ, ૨૦૨૭ વચ્ચે યોજાનારી ન્યાયિક પરીક્ષાઓ માટે અરજી કરી શકે છે, પરંતુ તેમને એક વર્ષ માટે તાલીમાર્થી ન્યાયિક અધિકારીઓ તરીકે નિયુક્ત કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, સ્નાતક ઉમેદવારો ત્રણ વર્ષની પ્રેક્ટિસની જરૂરિયાત વિના અરજી કરી શકશે, કારણ કે નિર્ણયની સમીક્ષા થયાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે. સુપ્રીમ કોર્ટે ન્યાયિક સેવાઓ માટે ત્રણ વર્ષની પ્રેક્ટિસની જરૂરિયાતમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કાયદાના સ્નાતકો ૩૧ માર્ચ, ૨૦૨૭ સુધી ત્રણ વર્ષની પ્રેક્ટિસ પૂર્ણ કર્યા વિના અરજી કરી શકશે.



૩૧ માર્ચ, ૨૦૨૭ સુધી, કાયદાના સ્નાતકો ત્રણ વર્ષની પ્રેક્ટિસ પૂર્ણ કર્યા વિના અરજી કરી શકશે. આ ફેરફાર દરમિયાન, તેમને પાત્રતા માટે એક વર્ષનો પ્રેક્ટિસ પૂર્ણ કર્યો માનવામાં આવશે. એકવાર પસંદગી થયા પછી, તેઓ તાલીમાર્થી ન્યાયિક અધિકારીઓ તરીકે સેવા આપશે. તેઓ રાજ્ય ન્યાયિક એકેડેમીમાં એક વર્ષની સઘન તાલીમમાંથી પસાર થશે. આ પછી જિલ્લા ન્યાયાધીશ/ઉચ્ચ ન્યાયિક સેવા હેઠળ છ મહિનાની કારકુનશીપ અને વર્તમાન હાઈકોર્ટના ન્યાયાધીશ હેઠળ છ મહિનાની કારકુનશીપ આપવામાં આવશે. વ્યવહારુ અનુભવની જરૂરિયાતને સંતોષવા માટે તાલીમ અને કારકુનશીપ બંનેનું સંયોજન ધ્યાનમાં લેવામાં આવશે. ૧ એપ્રિલ, ૨૦૨૭ ના રોજ અથવા તે પછી જાહેર કરાયેલ ભરતીઓ માટે, ઉમેદવારોએ અરજી કરતા પહેલા ઓછામાં ઓછો એક વર્ષ સક્રિય પ્રેક્ટિસનો હોવો આવશ્યક છે. હાઈકોર્ટે ત્રણ મહિનાની અંદર સંબંધિત ન્યાયિક સેવા નિયમોમાં સુધારો કરવો પડશે. નવી યોજના પાંચ વર્ષ સુધી ચાલશે, ત્યારબાદ સુપ્રીમ કોર્ટ તેની કામગીરીની સમીક્ષા કરશે.

# કોંગ્રેસ સંપૂર્ણપણે વંદે માતરમ નહીં ગાઈ ?

## શું કાયદો બન્યા પછી પણ પરંપરા જાળવી શકાશે?

નવીદિલ્હી, તા. ૨૧

રાષ્ટ્રગીત અંગે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય આક્ષેપો અને પ્રતિઆક્ષેપો ચાલુ છે, પરંતુ આ મુદ્દો હવે સંપૂર્ણપણે કાયદેસર છે, કારણ કે રાષ્ટ્રીય ગીત ''વંદે માતરમ'' ને રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ અને બંધારણની જેમ જ રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ (સુધારા) અધિનિયમ હેઠળ કાનૂની રક્ષણ આપવામાં આવ્યું હતું. ગૃહ મંત્રાલયે ત્યારબાદ વંદે માતરમ ગાવાના નિયમોને સૂચિત કર્યા. તેથી, તેને અપૂર્ણ રીતે ગાવું એ રાષ્ટ્રગીત ગાવા જેટલું જ અપમાનજનક અને સજાપાત્ર છે.

સરકારે જુલાઈના અંતમાં રાષ્ટ્રગીત વંદે માતરમને કાનૂની રક્ષણ આપ્યું હતું, અને હવે તેની જરૂરિયાત શું છે? રાષ્ટ્રીય ગીત વંદે માતરમને સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદા હેઠળ કાનૂની રક્ષણ મળે છે. પરિણામે, ગૃહ મંત્રાલયની માર્ગદર્શિકામાં જણાવાયું છે કે ગીતના સંપૂર્ણ સંસ્કરણ, જેમાં તેના છ શ્લોકો અથવા બધા છ શ્લોકોનો સમાવેશ થાય છે, ગાવા અથવા વગાડવા માટે ૩ મિનિટ ૧૦ સેકન્ડ (૧૯૦ સેકન્ડ) નો સમયગાળો છે. તેમાં કોઈપણ ફેરફાર અથવા ફેરફાર કાયદેસર રીતે રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬નું ઉલ્લંઘન છે.

કોઈ પણ સંગઠન, મંચ અથવા પક્ષ તેમાં મનસ્વી ફેરફારો કરી શકશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, જો તેઓ પહેલા પસંદગીના શ્લોકો ગાયા હતા, તો તેઓ હવે તેમ કરી શકશે નહીં. સ્વતંત્રતા પહેલા, સ્વતંત્રતા ચળવળ દરમિયાન, કોંગ્રેસે ૧૯૩૭ માં ગીતના પહેલા બે શ્લોકો માન્ય રાખ્યા હતા, કારણ કે સમગ્ર ગીતમાં છ શ્લોકો હતા, જેમાં પછીના ભાગો પર રાજકીય અને સાંપ્રદાયિક મતભેદો હતા. જો કે, આ પહેલા ફક્ત છ શ્લોકો



ગવાતા હતા. જો કે, હવે જ્યારે વંદે માતરમને કાયદેસર રીતે રાષ્ટ્રીય ગીત તરીકે માન્યતા આપવામાં આવી છે, ત્યારે વંદે માતરમ અંગેની પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, અને કોઈ પણ પોતાની પરંપરા જાળવી રાખવા માટે કાયદાનું ઉલ્લંઘન કરી શકતું નથી. જ્યારે બંધારણમાં ''રાષ્ટ્રીય ગીત'' શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, ત્યારે દેશના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે જાન્યુઆરી ૧૯૫૦ માં સત્તાવાર રીતે વંદે માતરમને સમાન સન્માન આપવાની જાહેરાત કરી હતી.

ત્યારથી આ વર્ષની ૩૦ જુલાઈ સુધી, વંદે માતરમ ગાવા માટેનો સમયગાળો અને અંતરાલ સ્પષ્ટ કરવામાં આવ્યા ન હતા, પરંતુ કાનૂની રક્ષણ મળ્યા પછી, આ કરી શકાતું નથી. વિવિધ કાનૂની નિષ્ણાતોએ સ્પષ્ટતા કરી છે કે વંદે માતરમ કાયદેસર રીતે કઈ પરિસ્થિતિઓ હેઠળ સુરક્ષિત છે. તેઓ જણાવે છે કે એકવાર કાયદો અમલમાં આવી જાય, પછી કોઈ પણ વ્યક્તિ પોતાની મરજીથી પરંપરા ચલાવી શકતું નથી. ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ, બંધારણ સભાએ જાહેર કર્યું કે વંદે માતરમને સમાન સન્માન આપવામાં આવશે. તે સમયે, બંધારણ સભાના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદે જાહેર કર્યું કે વંદે માતરમે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી છે અને તેથી તેને રાષ્ટ્રગીત જન ગણ મન જેટલો જ દરજ્જો અને આદર આપવામાં આવશે.

રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ એ જુલાઈ ૨૦૨૬ માં સંસદ દ્વારા પસાર કરાયેલ એક નવો કાયદો છે અને રાષ્ટ્રપતિની સંમતિ પછી અમલમાં મૂકવામાં આવ્યો છે. તે રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧ માં સુધારો કરે છે અને રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ અને બંધારણની જેમ 'વંદે માતરમ' ને કાનૂની રક્ષણ પૂરું પાડે છે.

### વિરોધ પ્રદર્શનોએ અનેક રાજ્યોને હચમચાવ્યા : બાળકો પંખા, પાણી, શિક્ષકો અને શાળાઓમાં સારી સુવિધાઓની માંગણી સાથે રસ્તા પર ઉતરી રહ્યા છે.

# ભારતમાં ઝેન-આલ્ફા જૂથો કેટલા શક્તિશાળી ?

નવીદિલ્હી, તા. ૨૧

ક્યારેક શાળાના પંખા કામ કરતા નથી, ક્યારેક પીવાનું શુદ્ધ પાણી નથી, ક્યારેક શિક્ષકો બિલકુલ નથી. પહેલાં, બાળકો આવી ફરિયાદો તેમના માતાપિતા અથવા શાળાના આચાર્યોને કરતા હતા. પરંતુ ઓગસ્ટ ૨૦૨૬ માં, ચિત્ર અલગ દેખાઈ રહ્યું છે. ઉત્તર પ્રદેશથી બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર સુધી, શાળાના બાળકો તેમની ચિંતાઓ વ્યક્ત કરવા માટે રસ્તાઓ પર ઉતરી રહ્યા છે. આ બાળકો હજુ મતદાન કરવાની ઉંમર સુધી પણ પહોંચ્યા નથી, છતાં તેઓ તેમની શાળાઓ અને શિક્ષણ સંબંધિત પ્રશ્નો પર અધિકારીઓ પાસેથી જવાબો માંગી રહ્યા છે.

ઘણી જગ્યાએ, બાળકો શાળા છોડીને કૂચ કરી રહ્યા છે, ધરણા કરી રહ્યા છે, શાળાના દરવાજા બંધ કરી દીધા છે અને સરકારી કચેરીઓ સુધી પણ પહોંચ્યા છે. આ વિરોધ પ્રદર્શનોને જનરલ આલ્ફા વિરોધ કહેવામાં આવી રહ્યો છે. નોંધપાત્ર રીતે, તેમની માંગણીઓ કોઈપણ મુખ્ય રાજકીય વિચારધારામાં મૂળ નથી, પરંતુ રોજિંદા જરૂરિયાતો સાથે સંબંધિત છે: પંખા, પાણી, શૌચાલય, શિક્ષકો, ખોરાક, રસ્તાઓ અને સુધારેલી શાળા સુવિધાઓ. ૨૦૨૬ માં ભારતમાં ઉભરી રહેલી નવી લહેર ખાસ કરીને સ્કૂલના બાળકો તરફથી છે અને તેને પ્રથમ મુખ્ય જનરલ આલ્ફા વિરોધ લહેર તરીકે વર્ણવવામાં આવી રહી છે, જે અનેક રાજ્યોમાં ફેલાયેલી છે.

જનરલ આલ્ફા માટે વય મર્યાદા અંગે વિશ્વભરમાં કોઈ સર્વસંમતિ નથી. સામાન્ય રીતે, તેમાં ૨૦૧૦ થી ૨૦૨૦ ના દાયકાના મધ્યમાં જન્મેલા બાળકોનો સમાવેશ થાય છે. ભારતમાં, જો ૦-૧૪ વર્ષની વસ્તીને એક કઠોર આધાર માનવામાં આવે, તો આ સંખ્યા લગભગ ૩૪૦ થી ૩૯૦ મિલિયન થાય છે. ઉત્તર પ્રદેશનું ફતેહપુર, જનરલ આલ્ફા સામે સૌથી વધુ ચર્ચામાં રહેલું વિરોધ પ્રદર્શન હતું. ૨૮ જુલાઈના રોજ, કિશનપુરની સર્વોદય ઇન્ટર કોલેજના આશરે ૧,૫૦૦ વિદ્યાર્થીઓએ પાંચથી છ કલાક સુધી વિરોધ પ્રદર્શન કર્યું. તેમણે



ફરિયાદ કરી કે ઘણા વર્ગખંડોમાં વીજળી અને પંખાનું ખરાબ સંચાલન, શૌચાલયનું ખરાબ સંચાલન, પીવાનું પાણીનું અપૂરતું સંચાલન અને ડેસ્ક અને બેન્ચની અછતનો મુદ્દો પણ ઉઠાવ્યો. વિરોધ પ્રદર્શન બાદ, શિક્ષણ વિભાગના અધિકારીઓએ શાળાનું નિરીક્ષણ કર્યું અને તેમને ઘણી માંગણીઓ પર ધ્યાન આપવાની ખાતરી આપી.

ગયાની સિમુઆરા મિડલ સ્કૂલના ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ લગભગ ચાર કિલોમીટર ચાલીને ટીકારી એસડીએમ ઓફિસ પહોંચ્યા. બાળકોની ફરિયાદોમાં ખરાબ મધ્યાહન ભોજન, ગંદા શૌચાલય, તૂટેલા હેન્ડપંપ અને રમતગમતના સાધનોનો અભાવ શામેલ હતો. બાળકોએ અધિકારીઓ સાથે સીધી વાત કરવાનો આગ્રહ રાખ્યો. ત્યારબાદ, જીઉખ એ શાળાના મુખ્ય શિક્ષકને સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે સમય આપ્યો અને ફરિયાદોની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી. રાજસ્થાનના બાડમેર અને જાલોરમાં, શિક્ષકોની અછત અંગે બાળકોનો ગુસ્સો વ્યક્ત કરવામાં આવ્યો. ઘણી શાળાઓમાં, આવશ્યક વિષયો માટે શિક્ષકોનો અભાવ અભ્યાસ અને પરીક્ષાની તૈયારી પર અસર કરી રહ્યો હતો. બાડમેરમાં, વિદ્યાર્થીઓએ શાળાનો દરવાજો બંધ કરીને વિરોધ કર્યો. અધિકારીઓએ તાત્કાલિક ત્રણ શિક્ષકો મોકલવાની ખાતરી આપ્યા પછી વિરોધ સમાપ્ત થયો. અહીં, બાળકોની માંગ સ્પષ્ટ હતી: જો શાળા હોય, તો ભણાવવા માટે શિક્ષકો હોવા જોઈએ.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક શ્રાવણી અભિષેક.

### શિવ પુરાણમાં સ્વયં શિવે જ શિવલિંગને પોતાનાં નિરાકાર સ્વરૂપ તરીકે જણાવ્યું છે.



હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા સ્વરૂપે રહેલા આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિવ પુરાણ અંતર્ગતના અગાઉના લેખમાં સકલ સ્વરૂપ એટલે કે શિવનું સાકાર સ્વરૂપ અને નિષ્કલ સ્વરૂપ એટલે કે શિવનું નિરાકાર સ્વરૂપ. શિવના શુદ્ધ સ્વરૂપને આત્મસાત કરવા આપણે પણ એ શિવત્વને સુક્ષ્મત્તર થઈ સમજીએ.

શિવનું સાકાર સ્વરૂપ*:

કૈલાસનાં શિખરે મૃગ ચર્મ પર ભગવાન અજન્મા આશુતોષ બિરાજમાન છે. તેનાં હાથે અને કટીભાગ પર સર્પનાં આભૂષણ છે, ઉપરાંત કંઠમાં ભુજંગ અને મૂંડ માળ છે. માથા પર જાટા છે, એમાંથી નિર્મળ ગંગા વહે છે. ભાલમાં બીજનો ચંદ્રમા ચમકે છે, આખા શરીરે ભભૂત ચોળી છે. કંઠમાં સમુદ્રમંથન સમયે નીકળેલું હળાહળ વિષ રાખ્યું હોવાથી, કંઠ નીલકંઠ છે, નંદીનું વાહન છે. ગણેશ કાર્તિક અને માતા જગદંબા તેની સાથે બિરાજમાન છે, શૃંગી અને ભૃંગી નામના શિવ ગણો કૈલાશમાં તેમની સેવા માટે ઉપસ્થિત છે. સંસારી હોવા છતાં પણ તે પૂર્ણ સંન્યાસી છે, અને સમાધિ તેને હાજરાહજૂર છે. આ ભગવાન શિવશંકરનું સાકાર સ્વરૂપ છે, અને આપણે સૌ કોઈ તેને વિશે જાણીએ છીએ. શંકરનું નામ પડે અને આ શબ્દ ચિત્ર મુજબનું ચિત્ર લગભગ દરેકને દેખાય. કપૂર જેવો ગૌરવાન છે, અને ત્રિનેત્ર ધરાવે છે, આ પણ તેની એક અનોખી વિશિષ્ટતા છે. ભાલે ચંદનનું ત્રિપુન્ડ છે, અને એ જ ભાલમાં ત્રીજી આંખ એટલે કે સંહારમા પણ કલ્યાણકારી દ્રષ્ટિ સમાયેલી છે. એ દ્રષ્ટિ ને શીતળ કરવા હંમેશા ત્યાં આગળ ચંદનનો જાણે લેપ થતો હોય એવું પણ કહી શકાય. તો આ થયું શિવશંકરનું સાકાર સ્વરૂપ.

શિવનું નિરાકાર સ્વરૂપ*:

શિવલીંગને આપણે સૌ શિવશંકરનાં પ્રતિક રૂપે ભજીએ છીએ, પરંતુ એ જ ભગવાન શંકરનું નિરાકાર સ્વરૂપ છે. શીવલીંગ એ નિરાકાર કઈ રીતે? એમ આપણને પ્રશ્ન થાય. ભગવાન જગતગુરુ માધવાચાર્યએ નિર્ગુણનો અર્થ કર્યો હતો કે, નીંદિત ગુણો રહિત હોય તેને નિર્ગુણ કહેવામાં આવે છે. બસ એ જ રીતે આપણે પણ નિરાકાર એટલે નિશ્ચિત આકાર નહીં, તેવાં આકારને નિરાકાર એમ કહી શકીએ. કારણ કે શિવલિંગ એકસરખી ઊંચાઈ, જાડાઈ, પહોળાઈ, કે ઊંડાઈનું હોતું નથી. દરેક શિવલિંગમાં કોઈને કોઈ તફાવત રહે છે, આ ઉપરાંત પથ્થર, સ્ફટિક, કે વેણુ, એ રીતે પણ તફાવત હોય છે. તો કાળો, સફેદ, કે લાલ પથ્થર, એ રીતે પણ તફાવત હોય છે. આ ઉપરાંત સ્વયંભૂ, જ્યોતિર્લિંગ, એ તો છે જ. એટલે નિરાકાર બ્રાહ્મની વ્યાખ્યામાં શિવલિંગ બિલકુલ બંધ બેસે છે. ન સ્થળ નિશ્ચિત છે, ન સંખ્યા નિશ્ચિત છે, ન આકાર નિશ્ચિત છે, અને ન આધાર નિશ્ચિત છે. એટલે કે જમીન પર જ હોય એવું પણ જરૂરી નથી, સમુદ્ર વચ્ચેથી પણ શિવલિંગ મળ્યાનાં દાખલા છે. નદી તળાવ વગેરે જગ્યાએ શિવલિંગ મળ્યાનાં ઘણા કિસ્સા છે, અને વન, આરણ્ય, કે જંગલમાં પણ શિવલિંગ છે, પર્વતોની ટોચ પર પણ શિવલિંગ બિરાજમાન છે. આ ઉપરાંત શીવલીંગને આપણે જે કંઈ ચડાવીએ છીએ તેમાંનું કંઈ જ તે રાખતાં નથી, એટલે કે એક લીટર દૂધનો અભિષેક કર્યો હોય તો એ બધું જ એના આકાર પરથી નીચે વહી જાય છે, પાણી હોય તો એ, દૂધ હોય, દહીં હોય, કે તલ બિલિપત્ર,કે અન્ય જે સાધન હોય એનાથી એને તસુભાર પણ ફરક પડતો નથી,આ પણ નિરાકારનો ગુણ છે, કે તેને ત્રિગુણ માંથી કોઈ ગુણ આકર્ષી શકતો નથી. આમ દરેકે દરેક શિવલિંગમાં કોઈને કોઈ તફાવત છે, પછી તે આકારનો હોય, પથ્થર નો હોય, કે લંબાઈ પહોળાઈ જાડાઈ નો હોય, પણ છે,છે અને છે જ! અને તેની પર ચડતું દ્રવ્ય હોય, કે કીમતી હીરા કે સુવર્ણ અલંકાર રુપી ભેટ હોય! અને એટલે જ નિરાકાર બ્રહ્મ તરીકે શીવલીંગની ઉપાસના કરવામાં આવે છે, અને નિશ્ચિત પરિણામને મેળવી શકાય છે. સદગુરુ એ નિરાકાર બ્રહ્મ વિશે સમજ આપી આપણને કૃતકૃત્ય કર્યા છે,અને શ્રાવણ હાજરાહજૂર છે, તો નિરાકાર બ્રહ્મને આ રીતે ભજીએ.

શિવલિંગ.લિંગનાં મુખ્ય પાંચ પ્રકાર બતાવાયા છે.

સ્વયંભૂ લિંગ, બિંદુ લિંગ, સ્થાપિત લીંગ, ચર લિંગ, અને ગુરુ લીંગ.

આ ઉપરાંત પણ આપણે ત્યાં પૂજામાં ઘણા બધા પ્રકારના લિંગ બનાવી અને તેની પૂજન કરવામાં આવે છે, પણ તે બધાં સ્થાપિત લિંગ કહેવાય.

સ્વયંભૂ લિંગ, કોઈપણ જગ્યાએ એટલે કે જંગલમાં હોય કે ગામના કે પછી અન્ય કોઇ જગ્યાએ, કોઈ પણની તપશ્ચર્યા કે તેનાથી પ્રસન્ન થઈ, અને પૃથ્વીને ફાડીને જે બહાર આવે છે તે સ્વયંભૂ શિવલિંગ. પહેલાના કાળમાં ઋષિમુનિઓ કે બ્રાહ્મણો તપ કરતા અને શંકર પ્રસન્ન થાય, ત્યારે આ રીતે સ્વયંભૂ શિવલિંગ આપણને પ્રાપ્ત થતાં. ઘણી જગ્યાએ આપણે એવાં શિવલિંગ પણ જોયાં છે જ્યાં આગળ કોઈ પશુ એટલે કે ગાય દ્વારા પોતાનાં આંચળમાંથી દૂધનો અભિષેક થયો હોય, અને ત્યાં શિવલિંગ પાછળથી પ્રકાશમાં આવ્યું હોય. ઘણા સ્વયંભૂ શિવલિંગ ગોવાળો એ પણ શોધ્યા છે.

બિન્દુ લીંગ, પત્રમાં કે પાંદડા માં લિંગ ની પરિકલ્પના કરી અને બ્રાહ્મણો પૂજન અર્ચન કરાવે તેને બિંદુ લિંગ કહેવામાં આવે છે. અને આપણે ત્યાં પૂજાની આવી રીતે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે કે જ્યાં આપણી પાસે લિંગ હોતું નથી. છતાં પણ તેની પરિકલ્પના કરી અને આપણે પૂજા કરતા હોઈએ છીએ. ખાસ કરીને કુવારીકાઓ અને પરિણીત સ્ત્રીઓ કોઈ વ્રત કરતી હોય ત્યારે, આ લીંગ ની પરિકલ્પના કરી અને બ્રાહ્મણ સંકલ્પ કરાવે છે.

સ્થાપિત લીંગ, રાજા-મહારાજાઓ કે પછી ધનવાન પોતાના મનોરથ થી મંદિર માટે કારીગરો પાસે જે લિંગ બનાવરાવે છે. આપણે ત્યાં રાજા મહારાજાઓ ના મહેલો માં રત્નજડિત અને સુવર્ણ લિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને પૂજન-અર્ચન કરવામાં આવતું કેટકેટલા રાજાઓ આ પ્રકારે શિવ ભક્તિ કરી અને પોતાના રાજ્યની યશ કીર્તિ વધારતા હતા તે આપણે ઈતિહાસમાંથી જાણી શકીએ છીએ.

ચર લીંગ, ચર નો અર્થ ચલિત થાય છે, શરીરના, કોઈ અંગ નાભિ નાકનું ટેરવું કે શિખા વગેરે પર, આત્મ રુપ પર ઘણી વાર લીંગ જેવો દેખાવ બને છે તે અથવા, કોઈ કુદરતી પદાર્થ માંથી લિંગ જેવો આભાસ ઉત્પન્ન થાય તેને ચર લિંગ કહેવામાં આવે છે.

ગુરુ લીંગ, ગુરુ નો વ્યાપક અર્થ અહીં લેવામાં આવ્યો છે કે.જે સર્વનું હિત કરનાર છે તે જ્યારે કોઈ મંત્ર સાથે ગુણોના વિકાર દૂર કરવા માટે જે લિંગ ની પૂજન અર્ચન કરવાનું કહેવામાં આવે તેને ગુરુ લિંગ કહેવામાં આવે છે.

શિવલિંગ ગમે તે પ્રકારનું હોય પણ મૂળમાં, અંતરમાં કલ્યાણ એટલે કે માનવતાની ભાવના ઉતરોત્તર વધતી રહે, તે બહુ જરૂરી છે, અને આપણે બધા જ આ માનવતાની ભાવના વધતી રહે, તેવી રીતે આ શ્રાવણિય અનુષ્ઠાનમાં પૂજા અર્ચના કે ઉપાસના કરી, અને શિવ શંકરને પ્રસન્ન કરીએ. ભગવાન ભોળાનાથ આપણી ભાવનાને જરૂર સમજશે અને હ્રદયસ્થ ભક્તિ ભાવમાં વધારો કરશે. મંદાકિનીનાં પવિત્ર ભાવથી આપણું જીવન હર્યું ભર્યું રહેશે. શિવ પુરાણમાં સ્વયં શિવ પોતાનાં નિરાકાર સ્વરૂપે શિવલિંગની પૂજા અર્ચના કરવી એમ કહે છે.ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ઘરેથી કડીયા કામ કરવા ગયા પછી મૃતદેહ સ્વરૂપે પરત આવ્યાઃ પરિવારમાં કલ્પાંત

# વિઝાના નામે યુવાન-મહિલા છેતરાયા

## અન્ય ઘટનામાં પાંત્રીસ વર્ષિય ત્રણ બહેનના એકના એક ભાઇનું દિલની દગાખોરીથી મૃત્યુઃ એક મહિલાનું પણ હૃદય બંધ પડ્યુંઃ વૃધ્ધનું વાહન અકસ્માતમાં પડી જતાં મોતઃ પાંચમી ઘટનામાં પતિના વાહનમાંથી પટકાતાં પત્નિનું મોત

રાજકોટ તા. ૨૧

મોત ક્યારે અને કેવી રીતે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. એક બનાવમાં કડીયા કામ કરતી વખતે પડી જવાને કારણે એક પરિવારના આધારસ્તંભનું મોત થયું છે. બીજી તરફ હૃદય બંધ પડી જવાની વધુ બે ઘટનામાં ત્રણ બહેનના એકના એક ભાઇ એવા આડત્રીસ વર્ષના યુવાનનું અને એક બાવન વર્ષના મહિલાનું મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં વાહન સ્લીપ થઇ જતાં ઇજા પામનારા વૃધ્ધે સારવારમાં દમ તોડી દીધો હતો.

વિગતો જોઇએ તો ઢેબર રોડ અટીકા સાઉથ રાધાનગર-૪માં રહેતાં પંચાવન વર્ષના રતિલાલ નાનજીભાઇ મારૂ નામના પ્રૌઢ સવારે દસેક વાગ્યે ગોંડલ રોડ માલધારી ફાટક નજીક સિલ્વર ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં પલાસ્ટરનું કામ કરતી વખતે વીસેક ફુટ ઉંચાઇથી પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. રતિલાલ મારૂ-કડીયા સવારે દસેક વાગ્યે કડીયા કામ કરવા માટે સિલ્વર ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં આવ્યા ત્યારે પ્લાસ્ટર કામ કરતી વખતે પગ લપસતાં કે બેલેન્સ ગુમાવતાં વીસ ફુટ ઉંચાઇથી પડી ગયા હતાં.

આ કારણે ગંભીર ઇજા થતાં ઘટના સ્થળે બેભાન થઇ ગયા હતાં. ૧૦૮ બોલાવાઇ હતી પરંતુ તેના તબિબે તેમને મૃત જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આજીડેમ પોલીસને જાણ થતાં કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રતિલાલ મારૂ ચાર બહેન અને ત્રણ ભાઇમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. આ બનાવથી પરિવારમાં શોકની કાલીમા વ્યાપી ગઇ હતી.

બીજી બે ઘટનામાં દિલની દગાખોરી જીવલેણ નીવડી હતી. જેમાં રૈયા ગામ શેરી નં. ૩માં રહેતાં કપિલભાઇ પરષોત્તમભાઇ સોઢા નામના પાંત્રીસ વર્ષના યુવાન સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે ત્રણ બહેનના એકના એક નાના ભાઇ હતાં. સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. પોતે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. રક્ષાબંધન નજીક જ છે ત્યારે ત્રણ બહેનોએ એકનો એક ભાઇ ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો છે. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી. અન્ય બનાવમાં પુનિતનગર વૃંદાવન સોસાયટી-૧૫ રામદેવ ડેરીવાળી શેરીમાં રહેતાં બાવન વર્ષના બીનાબા કનકસિંહ ઝાલા સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું. બનાવ અંગે તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી.




ચોથા બનાવમાં રજુના એરપોર્ટ રોડ પર શ્રેયશ સોસાયટીમાં રહેતાં પ્રકાશભાઇ મોહનલાલ રાચયુરા નામના ત્રેસઠ વર્ષના વૃધ્ધ આઠમી તારીખના રોજ ટુવ્હીલર હંકારીને જતાં હતાં ત્યારે રેસકોર્ષ રીંગ રોડ પર વાહન સ્લીપ થઇ જતાં ઇજાઓ થતાં સારવાર હેઠળ હતાં. તેમનું આજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇગયો છે. બનાવની જાણ થતાં એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પ્રકાશભાઇ બે ભાઇમાં મોટા હતાં અને સંતાનમાં એક પુત્ર છે. ઘરેથી કોઇ કામ સબબ ટુવ્હીલર લઇને નીકળ્યા ત્યારે આ બનાવ બન્યો હતો. આમ વધુ ચાર લોકોના અપમૃત્યુ થયા હતાં.

પાંચમા બનાવમાં નાના મવા ભીમનગર ચોકમાં રહેતાં જ્યોતિબેન હરેશભાઇ રાઠોડ નામના સુડતાલીસ વર્ષના મહિલાને પતિના બાઇક પાછળથી પડી જતાં ઇજા થતાં મૃત્યુ થયું છે. વિસામણ ગામે સુરાપુરાના દર્શન કરવા જતી વખતે આ બનાવ બન્યો હતો. જાણવા મળ્યા મુજબ નાના મવામાં રહેતાં જ્યોતિબેન ગત તા. ૧૬/૮ના રોજ પતિ હરેશભાઇના બાઇક પાછળ બેસી રાજકોટથી પડધરીના વિસામણ ગામે સુરાપુરા દાદાના દર્શન કરવા જતાં હતાં ત્યારે પડધરીના સરપદડ પાસે ડ્રેસની ચુંદડી બાઇકના વ્હીલમાં આવી જતાં પોતે રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન આજે મૃત્યુ થયું હતું. મૃતક જ્યોતિબેનને સંતાનમાં ત્રણ દિકરા છે. પતિ કડીયા કામની મજૂરી કરે છે. બનાવની જાણ થતાં પડધરી પોલીસે કાર્યવાહી કરી હતી.

# વ્યાજખોરીમાં ફસાતાં યુવાનને ઘર છોડવાની આવી નોબત

## સવા ત્રણ લાખ વ્યાજે લીધા પછી ફસાઇ ગયોઃ ચાર વ્યાજખોરો મોટુ વ્યાજ વસુલ્યા પછી પણ પઠાણી ધમકી આપતા હતાંઃ જસદણ પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૨૧

વ્યજખોરીમાં ફસાતા વધુ એક યુવાનને ઘર છોડવાની નોબત આવી હતી. જસદણના બળધોઇ ગામે રહેતા ત્રીસ વર્ષના ભાર્ગવદાસ શિવરામભાઇ ગોંડલીયાને ઉંચા વળતરની લાલચ આપી એક શખ્સે સાડા ત્રણ લાખની છેતરપીંડી કરી હતી. જે રકમ તેમેણે વ્યાજખોરો પાસેથી લીધી હોવાથી ચારેયે પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી પરાણે મૂળ રકમથી વધારે વ્યાજ કઢાવી તેની સહિવાળો ચેક બાઉન્સ કરાવી ધમકી આપ્યાની પાંચ સામે જસદણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઇ હતી.

વિશેષ માહિતી અનુસાર જસદણ પોલીસે આ મામલે ભાર્ગવદાસ ગોંડલીયાની ફરીયાદ પરથી સંજય ધીરૂભાઇ ઠુંમર (રહે. રાયપર, તા. બાબરા), નાનજી પોલાભાઇ પરમાર (રહે. દેવળીયા, તા. કોટડા સાંગાણી), કિશન શીલદાસ ગોંડલીયા (રહે. ગઢીયા (જસી, તા. જસદણ), રવીદાસ પ્રવિણદાસ હરીયાણી (રહે. વેરાવળ ભાડી એન. કમલેશ જાની (રહે. જસદણ સામે), વ્યાજખોરી સહિતની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. ભાર્ગવદાસે ફરિયાદમાં જણાવ્યું છે કે, તે ૨૦૨૪માં જસદણમાં ગુરૂવંદના કોમ્પ્યુટર નામની દુકાનમાં ફાયનાન્સનું કામ કરતો હતો ત્યારે આરોપી સંજય ઠુંમર સાથે પરિચય થયો હતો.

ત્યારબાદ તેણે 'હું એક કંપનીમાં રોકાણ કરૂં છું, જેમાં મેં રોકેલા નાણાથી ત્રણ ગણા મને દર મહિને મળે છે, તારે પણ વધારે રૂપિયા કમાવા હોય તો મને નાણા આપ, હું તને રોકીને ત્રણ ગણા કરી આપીશ.' પરંતુ તેવો આરોપીની વાતમાં ધ્યાન આપ્યું ન હતું. ત્યારબાદ આરોપીએ 'તું ચિંતા ન કર તારા નાણાની જવાબદારી મારી, મને અત્યારે ચાર લાખ આપ, હું કંપનીમાં ઇન્વેસ્ટ કરી દર મહિને તને ૩૦ થી ૩૫ હજાર આપીશ, થોડા સમય પછી તને તારા ચાર લાખ પણ પાછા આપી દઇશ. તેમ લાલચ આપી હતી. જેથી તેણે આરોપી નાનજી પરમાર પાસેથી દર મહિને ૧૨ હજારના વ્યાજ પેટે રૂા. બે લાખ, કિશન ગોંડલીયા દર મહિને ૭ હજાર પેટે રૂા. ૨૦ હજાર, રવિદાસ હરીયાણી પાસેથી દર મહિને ૭ હજાર વ્યાજ પેટ ૫૫ હજાર અને કમલેશ જાની પાસેથી રૂા. ૨૦ હજાર દર મહિને વ્યાજ પેટે આપવાનું નકકી કરી ૫૦ હજાર મળી કુલ રૂા. ૩.૨૫ લાખ લીધા હતા. જે રકમમાં તેની પાસે રહેલ ૨૫ હજાર નાખી કુલ રૂા. ૩.૫૦ લાખ આરોપી સંજયને આપ્યા હતા. પરંતુ તેને કોઇ પ્રોફિટ અપાયો ન હતો.

બીજી તરફ ચારેય વ્યાજખોરો પઠાણી ઉઘરાણી કરતા હોવાથી તેણે આરોપી નાનજીને ૨.૧૬ લાખ, કિશનને ૪૯ હજાર, રવીદાસને ૬૩ હજાર અને કમલેશને ૧.૬૦ લાખ વ્યાજની રકમ ચુકવી હતી. છતાં તે વધુ રૂપિયા માંગતા હતા. કમલેશે તેની પાસેથી ધમકી આપી બે કોરા ચેક લઇ લીધા હતા. એટલું જ નહિં આરોપીઓ ફોન કરી ગાળો દઇ ધમકી આપતા હતા. અને જીવવું હોય તો સમયસર વ્યાજ આપવું પડશે, નહિંતર તને કે તારા પરિવારને જાનથી મારી નાખીશું કરી વ્યાજના રૂપિયા પડાવી લેતા ડરીને ઘર છોડીને જતો રહ્યો હતો. છતાં આરોપીઓ તેના પિતાને કોલ કરી ધમકી આપતા હતા. તેમજ કમલેશે કોરો ચેક બાઉન્સ કરાવ્યો હતો. આ ફરિયાદ પરથી પોલીસ તપાસ કરી રહી છે.

### અમારા ઝૂપડે આવશો તો તમારા ઝૂપડા ખાલી કરાવી નાંખશુ....

# મામાએ ભાણેજ પર પથ્થર ફેંકતા આંખમાં ઇજા

## વીસ વર્ષના યુવાનને આંખની બહાર અને અંદરની તરફ ટાંકા આવ્યા

રાજકોટ તા. ૨૧

મારામારી વખતે લોકો હાથમાં આવે એ હથીયારનો ઉપયોગ કરી લેતાં હોય છે. હજુ પણ અમુક લોકો ગિલ્લોરનો ઉપયોગ કરે છે. શહેરના જામનગર રોડ પર ગાયત્રીધામ સોસાયટી સામેના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ઝૂંપડું ખાલી કરાવવાની ધમકી આપવા મુદ્દે થયેલી બોલાચાલીમાં મામા અને નાનાએ ભેગા મળી પોતાના જ ભાણેજો પર ધોકાથી હુમલો કર્યો હતો. તેમાં વળી મામાએ તો ગિલ્લોરથી પાણાના ઘા કરતાં ભાણેજની આંખ ફુટી ગઇ હતી.



વિગતો જોઇએ તો ગાંધીગ્રામ પોલીસે ઝૂપડામાં રહેતાં અને મજૂરીકામ કરતા વીસ વર્ષના રમેશ તુલસીભાઇ ભાટીની ફરિયાદ પરથી તેના મામા લાલાભાઇ અને નાના પુનાભાઇ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. રમેશના જણાવ્યા અનુસાર ૧૯મીના બપોરે તેના મામા લાલાભાઈએ તેના ઘરે આવીને તમારે અમારા ઝૂંપડે આવવું નહીં, નહિતર ઝૂંપડું ખાલી કરાવી દઈશ તેવી ધમકી આપી ગાળો આપી હતી.

આ અંગે રાતે અગીયારેક વાગ્યે રમેશ અને તેના મોટાભાઈ કાનાએ મામા લાલાભાઈ સાથે વાતચીત કરવા ગયા હતા. આ વાતચીત દરમિયાન મામા લાલાભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ઝપાઝપી શરૂ કરી હતી. આ દરમિયાન બચાવવા પડેલા રમેશના ભાઈ કાનાને તેના નાના પુનાભાઈએ લાકડાના દંડા વડે જમણા પગમાં ફટકો માર્યો હતો. ત્યારબાદ મામા લાલાભાઈએ ગિલ્લોર વડે પથ્થરો મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન એક પથ્થર રમેશને જમણા હાથ પર અને બીજો જમણી આંખ પર લાગી જતાં આંખમાં ગંભીર ઇજા પહોંચી હતી. રમેશને લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલના આંખના વિભાગમાં ખસેડવામાં આવ્યો હતો. અહિ તબિબે તપાસ કરી આંખની પાંપણ પર બે ટાંકા અને આંખના અંદરના ભાગમાં ત્રણ ટાંકા લીધા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામના એએસઆઇ એન. એસ. જાળીયાએ ગુનો નોંધતા વધુ તપાસ પીએસઆઇ એ. બી. ઝાલાએ હાથ ધરી હતી.

# અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિની બેઠક

## પત્રકારોની સુરક્ષા, સલામતી અને ગૌરવ જળવાય તે માટે સંગઠન કટિબદ્ધ છે : જીગ્નેશ કાલાવડીયા

રાજકોટ, તા.૨૧

ભારતના સૌથી મોટા પત્રકાર સંગઠન 'અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતી' ની એક અગત્યની બેઠક રાજકોટના સર્કિટ હાઉસ ખાતે યોજાઈ હતી. રાજકોટ શહેર પ્રમુખ મેરુભા મોયા અને જિલ્લા પ્રભારી દિનેશ જાવિયાના આહવાન પર આ બેઠકમાં મોટી સંખ્યામાં દરેક ક્ષેત્ર ના સિનિયર પત્રકારો હાજર રહ્યા હતા. શહેર પ્રમુખ મેરુભા મોયા એ પત્રકારોની સુરક્ષાને લઈને સંગઠન સક્રિય કામગીરી કરશે તેવી જાહેરાત કરી હતી અને પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને ડિજિટલ મીડિયાના પત્રકારોનો સમાવેશ કરીને ટૂંક સમયમાં શહેર કારોબારીની રચના કરવાની જાહેરાત કરી હતી.



અધ્યક્ષ જીગ્નેશ કાલાવડીયા દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી પત્રકારત્વ ક્ષેત્રે સક્રિય, અનેક ન્યૂઝ પેપર-મેગેઝીનના માલિક, તંત્રી અને એક્ટીવીસ્ટ એવા સીનીયર પત્રકાર રાજકુમાર હિંગોળની ગુજરાત પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ અને સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના પ્રભારી પદે વરણી કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. રાજકોટ સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી આ વિશેષ બેઠકમાં બહોળી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મુખ્યત્વે જિજ્ઞેશભાઈ કાલાવડિયા,કિશન વેકરીયા,રાજકુમાર હિંગોળ, મેરૂભા મોયા, દિનેશ જાવિયા, કિરીટભાઈ પટેલ, ગિરીશભાઈ ભરડા, ધીરેનભાઈ મકવાણા, તુષાર પરીખ, રાજુભાઈ રાવલ, હિતેષ રાઠોડ, દર્શિત ગાંગડિયા, અતુલભાઈ સુરાણી, કિર્તીભાઇ કંસારા, ઈશ્વરભાઈ મકવાણા, અશ્વિનભાઇ વશિષ્ઠ, મુસ્તાક મોમ, યોગેશભાઈ પીઠડીયા, નવઘણભાઈ ગમારા, દિલીપભાઈ ગમારા, દિલીપસિંહ વાઘેલા, આબીદ ભાઈ બાઝેર, પરાગ ડોબરીયા, અકબર કાંડિયા, રાજવીર સોલંકી અને અભય પંડ્યા સહિતના અનેક પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.

# પાળમાંથી યુવાન-યુવતી ગુમ

## તાલુકા પોલીસમાં બંને જાણવાજોગની તપાસ શરુ કરાઈ

રાજકોટ, તા.૨૧

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં બે અલગ-અલગ ગુમસુધા નોંધ દાખલ કરવામાં આવી છે. લોધિકા તાલુકાના પાળ ગામમાંથી એક ૨૫ વર્ષીય અપરિણીત યુવતી અને રાજકોટના ૮૦ ફૂટ રોડ પરથી ૩૨ વર્ષીય પરિણીત યુવાન લાપતા થયાની જાણવાજોગ પોલીસ ચોપડે નોંધાઈ છે, જેની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત મુજબ, લોધિકા તાલુકાના પાળ ગામમાં રહેતી ૨૫ વર્ષીય ઈલાબેન લલીતભાઈ મજેવડીયા ગુમ થયા છે. યુવતીના પિતા લલીતભાઈ નરશીભાઈ મજેવડીયાએ નોંધાવેલી જાહેરાત મુજબ, ઈલા ગત તા. ૨૦/૦૮/૨૦૨૬ ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યાની આસપાસ બાપાસીતારામ ચોકથી મવડી ચોકડી તરફ જતા અર્જુન જ્વેલર્સ પાસેથી કોઈ કારણોસર ચાલી ગઈ હતી. બનાવ અંગેની વધુ તપાસ એ.એસ.આઇ. સલીમભાઇ માડમ ચલાવી રહ્યા છે. જ્યારે બીજી જાણવાજોગ મુજબ, રાજકોટમાં ૮૦ ફૂટ રોડ પર ઓમનગર સર્કલ પાસે, ગિરનાર સોસાયટી શેરી નં. ૧ માં રહેતો ૩૨ વર્ષીય અંકીતભાઇ સીરીશભાઇ ટાટેમીયા લાપતા થયો છે. તેના પિતા સીરીશભાઇ કાળાભાઇ ટાટેમીયાની જાહેરાત મુજબ, અંકીત ગત તા. ૧૯/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઉપરોક્ત રહેણાંક સરનામેથી કોઈને કહ્યા વગર નીકળી ગયો હતો. આ બનાવની વધુ તપાસ એચ.ભોજભાઇ ડી મોભ ચલાવી રહ્યા છે.

### સમયાંતરે રાજસ્થાનથી રાજકોટ આવે, થોડા દિવસ રોકાય પછી કામ બતાવે!

# બાઇક ચોરતી બાસવાડાની ટોળકી ઝડપાઇ

## ગાંધીગ્રામ પોલીસના ચેતનસિંહ ગોહિલ, પ્રશાંતભાઇ સહિતની બાતમીથી ગુના ઉકેલાયાઃ દિવસે કડીયા કામ કરતાં અને રાતે હેન્ડલ લોક વગરના વાહનો શોધતા

રાજકોટ તા. ૨૧

મજૂરોના સ્વાંગ રચી રાજકોટમાં થોડા દિવસ ધામા નાખી બાદમાં રાતે રેકી કરી હેન્ડલ લોક વગરના બાઇક ચોરતી બાંસવાડા રાજસ્થાનની ટોળકીના ચારને ઝડપી લેવામાં ગાંધીગ્રામ પોલીસને સફળતા મળી હતી. આ ટોળકીએ હાલ ત્રણ વાહન ચોરી કબુલતાં તે કબ્જે કરી આગળ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ચારેય શખ્સો હાલ રૈયા રોડ પર પટમાં પડ્યા પાથર્યા રહેતાં હતાં. દિવસે કડીયા કામ કરતાં અને રાતે રેકી કરી વાહન ઉઠાવવાના પ્લાનને અંજામ આપતા હતાં.


વિગતો જોઇએ તો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન હેઠળ અને યુનિવર્સિટી પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી થયેલી ત્રણ વાહનચોરીના ગુના ગાંધીગ્રામ પોલીસે ઉકેલી રાજસ્થાનના ચાર શખ્સોને પકડી લઇ તણ બાઇક કબ્જે કર્યા છે. આ શખ્સો રાજસ્થાનથી રાજકોટ આવી થોડા દિવસો સુધી કડીયા કામ સહિતની છુટક મજૂરી કરે છે અને બાદમાં મોટે ભાગે હેન્ડલ લોક વગરના હોય તેવા સ્પોર્ટસ બાઇક ચોરી વતન ભાગી જવાની આદત ધરાવે છે. ગાંધીગ્રામ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, કોન્સ. પ્રશાંતભા ગજેરાને બાતમી મળી હતી.



આ બાતમી એવી હતી કે રાજસથાની ગેંગના શંકાસ્પદ શખ્સો બાઇક ચોરીને ફેરવે છે. તેના આધારે ચાર શખ્સો કમલકિશોર પુનમચંદ ગરાસીયા (ઉ.વ.૨૦-મુળ ગાગળતલાઇ જી. બાસવાડા રાજસ્થાન), રાહુલ મગનલાલ કટારા (ઉ.વ.૨૦-રહે. ગધેડીયા તા. ગંગાતલાઇ બાસવાડા રાજસ્થાન), પ્રવિણ મંગલસિંહ કટારા (ઉ.વ.૨૦-રહે. ખેરીયા તા. ગંગાતલાઇ બાંસવાડા રાજસ્થાન) અને રોહિત શંતુલાલ પારઘી (ઉ.વ.૨૧-રહે. કુંડા તા. ગંગાતલાઇ જી. બાસવાડા રાજસ્થાન)ને સકંજામાં લઇ પુછતાછ કરી હતી. આ ચારેયએ અલગ અલગ સ્થળેથી બાઇક ચોરી કર્યાનું કબુલ્યું હતું.

તેની પાસેથી યામાહા કંપનીનું ૧ લાખનું સ્પોર્ટ બાઇક, બજાજ કંપનીનું ૪૦ હજારનું સ્પોટ બાઇક અને ૨૦ હજારનું એક હોન્ડા કબ્જે કર્યુ છે. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આ શખ્સો રાજસ્થાનથી રાજકોટ આવી થોડા દિવસો સુધી છુટક મજૂરી કરે છે. હાલમાં ચારેય રૈયા રોડ જનતા ડેરીની બાજુના પટમાં રહેતાં હતાં અને મજૂરી કરતાં હતાં. રાત્રીના સમયે રેકી કરી હેન્ડલ લોક વગરના બાઇક ચોરવાની આદત ધરાવે છે. આવા બાઇક ચોરીને તે વતનમાં જાય છે અને નંબર પ્લેટ કારઢી ફેરવે છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર જા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી આર. એસ. બારીયાની સુચના અંતર્ગત પીઆઇ એચ. પી. ગઢવી, પીએસઆઇ એસ. વી. ગોહિલ, એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડકોન્સ. રવિભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી, ભવદીપસિંહ ગોહિલ, શબ્બીરખાન મલેક, કોન્સ. રઘુવીરસિંહ જાડેજા, વિપુલભાઇ ગઢવી, જયદેવસિંહ પરમાર, ચંદ્રદિપસિંહ જાડેજા, પ્રશાંતભાઇ ગજેરા, કૌશિકભાઇડાંગર, હોમગાર્ડ હરદીપસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી.

અરિહંતશરણ



ડો.ભરતભાઈ ચીમનભાઈ મહેતા
સ્વ.તા.૨૦-૮-૨૦૨૬
મેનેજીંગ ટ્રસ્ટી
નાગેશ્વર પાર્શ્વનાથ જૈન તીર્થ

અમારા પરિવારનાં મોભી ડો.ભરતભાઈ ચીમનલાલ મહેતા તા.૨૦-૦૮-૨૦૨૬ ને ગુરૂવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

-: સદ્દગતની ઈચ્છાનુસાર લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે :-

મલય ભરતભાઈ મહેતા
વિરલબેન એ. શાહ
પારૂલબેન ગજેન્દ્રભાઈ બોઘાણી
જ્યોતિબેન નિતીનભાઈ મહેતા
હેમાક્ષીબેન રશ્મિકાંત શેઠ
વિધીબેન મલયભાઈ મહેતા
ડો.આશિષભાઈ શાહ
ચંદાબેન પ્રફુલભાઈ શાહ
હસુબેન શરદભાઈ મહેતા
ડો.પ્રમોદભાઈ ટી. પટેલ

તથા મહેતા પરિવારનાં જય જિનેન્દ્ર

### ગામ હોય ત્યાં ગઠીયા હોય અને તેને છેતરાઇ જવા માટે તૈયાર લોકો પણ મળી જ રહે!

# નાણા કઢાવવાના નામે ૨૮ાા લાખનું ફ્રોડ

## લેભાગુ દંપતિએ વેપારી સાથે આચરી લીધી ઠગાઇઃ બીજી ઘટનામાં પુર્વ કોર્પોરેટર સાથે ધંધાની ભાગીદારીના નામે અઢી કરોડની છેતરપીંડી

રાજકોટઃ ગામ હોય ત્યાં ગઠીયા હોય છે અને ગઠીયાગીરી પણ કરતા જ રહે છે. લોકો પણ લાલચમાં આવીને છેતરાતા રહે છે. વધુ એક ઠગાઇ સામે આવી હતી જેમાં બેતાલીસ કરોડ ફસાયા હોય તે કઢાવી આપવાની વેપારીને લાલચ આપી એક ઠગ દંપતિએ સાડા અઠ્ઠાવીસ લાખનો ચૂનો લગાવી દીધો હતો. બીજી એક ઘટનામાં પુર્વ કોર્પોરેટર સામે અઢી કરોડની ઠગાઇ થઇ હતી. ધંધો ચાલુ કરવાના નામે લોનના નામે આ છેતરપીંડી આચરાઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદમાં વેલ્થ મેનેજમેન્ટ કંપનીના ડિરેક્ટર જલ્પીન ભીમાણી સાથે ૪૨ કરોડની છેતરપિંડી થઈ હતી. આ નાણાં પરત અપાવવાના બહાને થલતેજના અનિલ અને રાજવી વિભાણી દંપતીએ પોલીસ અધિકારીઓ અને મંત્રીઓ સાથે સંબંધ હોવાનું કહીને ૨૮.૫૦ લાખ રૂપિયા પડાવ્યા. સીઆઇડી ક્રાઇમમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે, જેમાં દંપતી સામે અગાઉ પણ છેતરપિંડીના ગુના નોંધાયા હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદમાં વેપારી સાથે થયેલી ૪૨ કરોડ રૂપિયાની છેતરપિંડીના નાણાં પરત અપાવવાનું કહીને થલતેજમાં રહેતા દંપતીએ ૨૮.૫૦ લાખ રૂપિયા મેળવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ સીઆઇડી ક્રાઇમના અમદાવાદ યુનિટમાં દાખલ થતાં તપાસ શરૂ થઇ હતી.

વધુ માહિતી અનુસાર નિકોલમાં આવેલા નરનારાયણ ડુપ્લેક્સમાં રહેતા જલ્પીન ભીમાણીએ સીઆઇડી ક્રાઇમમાં નોંધાવેલી ફરિયાદની વિગતો અનુસાર, તેઓ એક વેલ્થ મેનેજમેન્ટ કંપનીમાં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન તેમની સાથે ૪૨ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી, જે અંગે તેમણે ઇઘ્ઠ ક્રાઇમમાં ફરિયાદ પણ નોંધાવી હતી. આ દરમિયાન જલ્પીનભાઈની મુલાકાત તેમના વકીલ મિત્ર મારફતે અનિલ વિભાણી અને તેની પત્ની રાજવી જે બંને થલતેજ રહે છે તેની સામે ગુનો નોંધ્યો હતો. અનિલ વિભાણીએ દાવો કર્યો હતો કે તે આરોપીઓ પાસેથી ૪૨ કરોડ રૂપિયા પરત કરાવી આપશે, કારણ કે તેના પોલીસ વિભાગ અને ગાંધીનગરમાં મંત્રીઓ સાથે સીધા સંબંધો છે. તેણે કેટલાક ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મંત્રીઓના નામ પણ આપ્યા હતા, જેથી જલ્પીનભાઈને તેના પર વિશ્વાસ બેઠો હતો.

આ કામ માટે અનિલ વિભાણીએ પોલીસ અધિકારીઓને એડવાન્સમાં નાણાં આપવાના નામે ૨૫ લાખ રૂપિયા ઉપરાંતના ખર્ચની માગણી કરી હતી. જલ્પીનભાઈએ વિશ્વાસ મૂકીને તબક્કાવાર કુલ ૨૮.૫૦ લાખ રૂપિયા ચૂકવી




આપ્યા હતા. ત્યારબાદ આરોપી દંપતીએ ૪૨ કરોડ રૂપિયા રિકવર થાય તેમાં પણ ટકાવારીની માગણી કરી હતી. જોકે, મહિનાઓ વીતી ગયા છતાં કામ ન થતાં અને આરોપીઓ તરફથી માત્ર વાયદા જ મળતાં જલ્પીનભાઈને શંકા ગઈ હતી.

તેમણે પોતાના નાણાં પરત માગતાં અનિલ વિભાણી અને તેની પત્નિએ પૈસા આપવાની ના પાડીને ધમકી આપી હતી. આ દરમિયાન જલ્પીનભાઈને જાણવા મળ્યું હતું કે અનિલ વિભાણી અને તેની પત્ની સામે અગાઉ પણ સુરત અને અમદાવાદ સહિતના શહેરોમાં છેતરપિંડીના અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે અને કોર્ટમાં કેસ ચાલી રહ્યા છે. આખરે, છેતરપિંડીનો ભોગ બનેલા જલ્પીનભાઈએ સીઆઇડી ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ અન્ય ઠગાઇ જોઇએ તો વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા ભાજપના પૂર્વ કોર્પોરેટર કલ્પેશ પટેલ ઉર્ફે જય રણછોડ સાથે ધંધો શરૂ કરવાના બહાને છાણીના ભેજાબાજે માંજલપુર ખાતેનો બંગલો તેમજ ડભોઇ તાલુકાના થુવાવી ખાતેના જય રણછોડ ફાર્મ પર લોન લઇ રૂપિયા ૨.૪૫ કરોડની ઠગાઇ કરતા પોલીસ ફરિયાદ દાખલ કરાઇ હતી. કલ્પેશ ઉર્ફે જય રણછોડ મનુભાઇ પટેલએ મુકેશ મહેન્દ્રભાઇ પંચાલ સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મારા મિત્ર રવિરાજસિંહ ઝાલાની ગેંડા સર્કલ પાસે આવેલી હોટલમાં છેલ્લા બાર વર્ષથી અવરજવર હોવાથી તેમના દ્વારા અંશ ગૃ નામે ક્લિનિંગ એજન્સી અને મેનપાવર પ્રોવાઇડરનો ધંધો કરતા મુકેશ પંચાલ સાથે ઓળખાણ થઇ હતી. તે સમયે મુકેશ પંચાલે જીઆઇડીસી તેમજ અન્ય સ્થળે કામ હોય તો આપજો તેવી માંગણી કરી હતી.

એક વર્ષ પહેલાં મારી દીકરીનું લગ્ન હોવાથી મારું ઘર તેમજ ઓફિસ ક્લિનિંગનું કામ મુકેશને સોંપ્યું હતું. મે-૨૦૨૫માં મુકેશે ધંધાના વિકાસ માટે રૂપિયાની જરૂર છે તમે મારા ધંધામાં રૂપિયા ૩ કરોડ રોકાણ કરો તો હું દર મહિને રૂપિયા ૬ લાખ રિટર્ન આપીશ તેમજ ધંધામાં જે નફો થાય તેમાંથી ૫૦ ટકા તમારો તેવી વાત કરતા મેં મુકેશ સાથે ધંધો શરૂ કરવાનું નક્કી કર્યું હતું. બાદમા ચાર્ટર્ડ એકાઉન્ટની સલાહ મુજબ મારા પુત્ર મૌર્ય તેમજ મુકેશના સાળા ઉર્મિલના નામે બંનેની સરખી ભાગીદારીમાં આશ્રય અંશ ફેસિલિટી એન્ડ પાવર સર્વિસ નામની કંપની રજિસ્ટર કરાવી હતી અને ધંધા અંગેનું એમઓયુ કર્યું હતું. મુકેશે મને જણાવેલ કે હાલમાં અઢીથી ત્રણ કરોડ ધંધામાં રોકાણ કરવું પડશે મારી પાસે આટલા રૂપિયા નથી કે મિલકત નથી જેના પર લોન મળે શકે.

જેથી મેં પણ કહ્યું કે મારી પાસે આટલી રકમ નથી પરંતુ મારા નામનું મકાન જેની કિંમત પાંચથી છ કરોડ તેમજ થુવાવીમાં રહેતા મારા પિતરાઇ ભાઇ ચિરાયુ પટેલના નામે જય રણછોડ ફાર્મ જેની કિંમત રૂપિયા૧૫ કરોડ છે. તેના પર લોન મળી શકે. બાદમાં મુકેશના એજન્ટ દ્વારા આદિત્ય બિરલા તેમજ આઇસીઆઇસીઆઇ બેંકમાંથી બે અલગ અલગ મળી કુલ રૂા.૭.૪૭ કરોડની લોન લીધી હતી. આ બંને લોનની રકમ પૈકી રૂા.૨.૪૫ કરોડ લોનનો ડ્રાટ બંને બેન્કના અધિકારી સાથે મળીને મુકેશે પોતાની ફર્મના નામે લઇ પોતાની લોન ભરપાઇ કરી છે. ઉપરોક્ત વિગતોની ફરિયાદના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### દેશી પછી હવે વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલી ગઇ : ડીસીબી, પોલીસ સ્ટેશનો, પીસીબીના દરોડા

# ક્રાઇમ બ્રાંચે આઠ લાખના દારૂ સાથે એકને દબોચ્યો

## એંસી ફુટ રોડના આંબેડકરનગરમાં દરોડોઃ બીજા ત્રણના નામ ખુલ્યાઃ અન્ય દરોડાઓમાં તાલુકા પોલીસે એક ઘરમાં કૂલરમાં છુપાવેલા દારૂ સાથે એકને પકડ્યોઃ અન્ય છ દરોડામાં છુટક ચપલા-બોટલો સાથે આરોપીઓ પકડાયા

રાજકોટઃ દેશી વિદેશી દારૂના ધંધાર્થી ઓ પર પોલીસની સતત ધોંસ બોલી રહી છે. આ વચ્ચે વધુ એક દરોડામાં ક્રાઇમ બ્રાંચ લગભગ આઠ લાખ આસપાસનો જથ્થો પકડી લીધો છે અને એક શખ્સે દબોચી બીજા ત્રણના નામ ખુલતાં શોધખોળ શરૂ કરી હતી. બીજી તરફ કાલાવડ રોડના આંબેડકરનગરમાં તાલુકા પોલીસે દરોડો પાડી બંધ પડેલા કૂલર અંદર છુપાવેલો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો.

દરોડાની વિગતો પર નજર કરીએ તો શહેરમાંથી વધુ એક વખત ડીસીબીની ટીમે લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો છે. ૮૦ ફુટ રોડ આંબેડકરનગરમાં દરોડો પાડી એક શખ્સને રૂા. ૭,૮૩,૩૬૦ના દારૂ સાથે પકડી લીધો છે. તેની પુછતાછમાં અન્ય ત્રણ શખ્સોના નામ ખુલતાં શોધખોળ હાથ ધરી હતી. દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા માટે ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોનસ. જયરાજભાઇ કોટીલા, ધારાભાઇ વાનરીયા, રાજેશભાઇ જળુને બાતમી મળી હતી કે ૮૦ ફુટ રોડ આંબેડકરનગર-૧૩માં હિતેષ ગોહેલના ઘરમાં દારૂનો જથ્થો ઉતર્યો છે.

આ માહિતીને આધારે દરોડો પાડવામાં આવતાં ઘરમાંથી રૂા. ૭,૮૩,૩૬૦નો ૨૮૩૨ બોટલ દારૂ મળી આવ્યો હતો. અહિ એક શખ્સ હાજર હોઇ પુછતાછ કરતાં પોતાનું નામ સાહિલ બળવંતભાઇ વોરા (રહે. આંબેડકરનગર મેઇન રોડ) જણાવ્યું હતું. ત્રેવીસ વર્ષના શખ્સ સાહિલની વધુ પુછતાછ થતાં તેણે આ દારૂનો જથ્થો હિતેષ કનભાઇ ગોહેલ, દિપક ઉર્ફે ધોનો વિનોદભાઇ ચૌહાણ અને અજય ભુપતભાઇ રાઠોડએ મંગાવ્યો હતો. આ ત્રણેય પણ આંબેડકરનગરમાંજ રહે છે. જો કે ઘરે હાજર ન હોઇ તેની શોધખોળ થઇ રહી છે. દિપક ઉર્ફે ધોનો અગાઉ અમદાવાદ ગ્રામ્યમાં દારૂના કેસમાં પકડાયો હતો.

આ દરોડામાં પોલીસને ઘરમાંથી અલગ અલગ બ્રાન્ડની વ્હીસ્કીના ચપલાઓનો મોટો જથ્થો મળ્યો હતો. પોલીસને ઘરમાંથી એઇટ પીએમ વ્હીસ્કીના ૧૮૦



એમએલના ૩,૫૪,૮૧૬ના ૧૩૪૪ ચપલા, ઓલ સીઝન્સના ૧૮૦ એમએલના ૮૦૬૪૦ના ૨૪૦ ચપલા, ગ્રીનલેબલના ૨,૨૮,૦૯૬ના ૮૬૪ ચપલા, રોયલ ચેલેન્જના ૧,૧૯,૮૦૮ના ૩૮૪ ચપલા મળી આવતાં તે અને ૨૦ હજારનો મોબાઇલ મળી કુલ રૂા. ૮,૦૩,૩૬૦નો મુદ્દામાલ કબ્જે કરી અન્ય ત્રણની શોધખોળ હાથ ધરી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવન અને ટીમના પીએસઆઇ વી. ડી. ડોડીયા, એએસઆઇ અમિતભાઇ અગ્રાવત, દિગપાલસિંહ જાડેજા, હેડકોન્સ. રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, ધારાભાઇ વાનરીયા, રાહુલભાઇ ગોહેલ, કોન્સ. રણજીતસિંહ જાડેજા, રાજેશભાઇ પટેલે આ કામગીરી કરી હતી.

બીજી તરફ તાલુકા પોલીસ અને અન્ય પોલીસે પણ વિદેશી દારૂના દરોડા પાડ્યા હતાં. કાલવાડ રોડ પર આંબેડકરનગરમાં રહેતા મુકેશ શામજીભાઇ દાફડાના મકાનમાં તાલુકા પોલીસના એ.એસ. આઇ. સલીમભાઇ માડમ અને કોન્સ્ટેબલ પાર્થભાઇ સોજીત્રા સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. તપાસ કરતા રૂમમાં બંધ કુલરના ખાનામાં છુપાવીને દારૂ રાખેલો દારૂ મળી આવતા પોલીસે રૂા. ૧૨૦૦ ની કિંમતની દારૂની ૧૨ બોટલ કબ્જે કરી તે ઝડપી લઇ ગુનો દાખલ કર્યો હતો. જયારે આ જ વિસ્તારમાં રહેતા મોહન શામજીભાઇ દાફડાના મકાનમાંથી તાલુકા પોલીસના એએસઆઇ જનકસિંહ ગોહીલ અને કોન્સ્ટેબલ પ્રદીપભાઇ મારડીયા સહિતના સ્ટાફે દરોડા પાડી તેને રૂા. ૧ હજારના દારૂના ૧૦ ચપલા સાથે પકડી લીધો હતો.

ત્રીજા દરોડામાં ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક ગોકુલનગર મેઇન રોડ પર રહેતાં આર્યન ઉર્ફે હિરેન ખીમજીભાઇ પરમારને પી.સી.બી.નાં કોન્સ્ટેબલ નગીનભાઇ ડાંગર સહિતના સ્ટાફે રૂા. ૩૩૭૦ ની દારૂની ૧૦ બોટલ અને ૧ હજારના દેશીદારૂ સાથે ઝડપી લીધો હતા. ચોથા દરોડામાં દરોડામાં કુવાડવા રોડ પર રોહીદાસપરામાં રહેતા ગૌતમ દેવજીભાઇ મકવાણાને ૮૦૦ ના ૪ દારૂના ચપલા સાથે બી-ડીવીઝ પોલીસના કોન્સ્ટેબલ જગદીશભાઇ વાંક સહિતના સ્ટાફે ઝડપી લીધો હતો.

પાંચમા દરોડામાં ગોંડલ રોડ પર આંબેકડર નગર મેઇન રોડ પર ગાયત્રી ચોક પાસે રહેતાં પૃથ્વીરાજ દિલીપભાઇ કંટારીયાને માલવીયાનગર પોલીસે ઘર નજીકથી દારૂની ૨ બોટલ સાથે ઝડપી લીધો હતો. છઠ્ઠા દરોડામા મવડીમાં નવલનગર શેરી નં. ૧૦ માં ભાથીજી ચોક પાસેથી પીસીબીના હેડ કોન્સ્ટેબલ ઉમેશભાઇ ચાવડા અને કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે બાતમીના આધારે આશીષ ઉર્ફે કબરા રમેશભાઇ કબરા (ઉ.વ.૨૨ રહે. આંબેડકરનગર ૧૫૦ ફુટ રીંગ રોડ) ને ા. ૧૭,૦૩૪ ની કિંમતની દારૂની ૫૧ બોટલ સાથે ઝડપી લીધો હતો. આમ વિદેશી દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલી ગઇ હતી.

### રક્ષાબંધન પર્વ નજીક છે ત્યારે જ ત્રણ બહેનના એકના એક ભાઇ, બે બહેનના એક જ ભાઇના જીવ ગયાઃ પાંચ અપમૃત્યુ

# મિત્રને મળવા નીકળેલા પ્રૌઢનું વાહન સ્લીપ થતાં મોત


## બીજી ઘટનામાં વીસ વર્ષનો યુવાન ફેક્ટરીમાં એકાએક ઢળી પડતાં મોતઃ એક યુવાનને પત્નિ સાથે ઝઘડો થતાં ઝેર પી આપઘાતઃ એક પ્રૌઢનું પણ હૃદય બંધ પડવાથી મોતઃ વૃધ્ધાએ બેભાન હાલતમાં તોડ્યો દમ

રાજકોટઃ અપમૃત્યુની ઘટનાઓનો કરૂણ સિલસિલો રોજબરોજ યથાવત રહેતો હોય છે. વધુ આવી પાંચ ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દીધા હતાં. વાહન અકસ્માતની ઘાત નડતાં એક પ્રૌઢનું મૃત્યુ થયું હતું. મિત્રને મળવા જઇ રહેલા ત્રણ બહેનના એકના એક ભાઇનું મોટરસાઇકલ સ્લીપ થવાને કારણે મૃત્યુ થયું હતું. બીજી કરૂણ ઘટનામાં બે બહેનના એકના એક ભાઇ વીસ વર્ષના યુવાનનું ફેક્ટરીમાં ઢળી પડતાં મૃત્યુ થયું હતું. એક યુવાનને પત્નિ સાથે ઝઘડો થતાં ઝેર પી આપઘાત કર્યો હતો. તો અન્ય બનાવમાં એક ખેડુતનું હૃદય બેસી જતાં અને એક વૃધ્ધાનું બેભાન થઇ જવાને કારણે મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો મોરબી રોડ પર વેલનાથપરાના પૂલ ઉપર બાઇક સ્લીપ થઇ જતાં રાધીકા પાર્કના પ્રૌઢનું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતુ. પોતે કોઠારીયા રોડ પર મિત્રને મળવા માટે જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. કરૂણતા એ છે કે મૃત્યુ પામનાર પોતે ત્રણ બહેનના એકના એક ભાઇ હતાં. મોરબી રોડ પર ફાટક પાસે રાધીકા પાર્ક-૧માં રહેતાં બાવન વર્ષના દિપેશભાઇ મનહરભાઇ અજાગીયા નામના પ્રૌઢ રાતે સાડા દસેક વાગ્યે બાઇક હંકારીને જતાં હતાં ત્યારે મોરબી રોડ વેલનાથપરાના પૂલ ઉપર બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પરંતુ અહિ મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર દિપેશભાઇ કડીયા કામની મજૂરી કરતાં હતાં. તે ત્રણ બહેનના એકના એક ભાઇ હતાં. પોતે રાતે કોઠારીયા રોડ પર રહેતાં મિત્ર પરાગભાઇને મળવા માટે જતાં હતાં ત્યારે વેલનાથપરા પૂલ ઉપ પહોંચ્યા ત્યારે બાઇક સ્લીપ થઇ જતાં આ ઘટના બની હતી. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

અન્ય એક બનાવમાં દિલની ધડકન દગો દઇ ગઇ હતી. જેમાં વીસ વર્ષના યુવાનનું એકાએક ઢળી પડ્યા બાદ મૃત્યુ થયું છે. રંગોલી પાર્કમાં રહેતો યુવાન રાતે સ્વાતિ પાર્કમાં ફેક્ટરીમાં હતો ત્યારે આ બનાવ બન્યો હતો. તેને બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ મૃત્યુ થયું હતું. અટીકા એંસી ફુટ રોડ આહિર ચોક પાસે રંગોલી પાર્કમાં રહેતો વીસ વર્ષનો કરણ સંજયભાઇ મેઘાણી



રાતે સાડા દસેક વાગ્યે કોઠારીયા સ્વાતિ પાર્ક હરિઓમ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલી ક્રિએટીવ એન્જિનીયરીંગ કંપની ખાતે હતો ત્યારે એકાએક ચક્કર આવ્યા બાદ બેભાન થઇ ઢળી પડતાં તુરત જ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર કરણ બે બહેનનો એકનો એક નાનો ભાઇ હતો. તે કંપનીમાં વીએમસી ઓપરેટર તરીકે કામ કરતો હતો. તેના પિતા પણ ફેક્ટરીમાં કામ કરે છે. આગામી દિવસોમાં રક્ષાબંધનનો તહેવાર આવી રહ્યો છે ત્યારે બે બેહનના એકના એક ભાઇ અને માતા-પિતાના એકના એક કંધોતરની વિદાયથી મેઘાણી-પટેલ પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. હાર્ટએટેક આવી ગયાનું તારણ નીકળ્યું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ત્રીજા બનાવમાં ધ્રોલના લતીપર ગામે મેપાભાઇ સબાડીયાની વાડીમાં રહી મજૂરી કરતાં પ્રદિપ કરસનભાઇ પસાયા નામના ત્રીસ વર્ષના યુવાને વાડીએ મગફળીમાં છાંટવાની દવા પી લેતાં ધ્રોલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ ગત સાંજે તેણે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ધ્રોલ પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર પ્રદિપ મુળ દાહોદ ધાનપુરનો વતની હતો. તે પાંચ ભાઇ અને એક બહેનમાં વચેટ હતો. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પત્નિ સાથે કામ બાબતે અને રસોઇ બાબતી બોલાચાલી થતાં માઠુ લાગી જતાં આ પગલુ ભર્યાનું જણાવાયું હતું.

ચોથા બનાવમા વાંકાનેરના ખખાણા ગામે રહેતાં ઓગણપચાસ વર્ષના જશમતભાઇ રૂડાભાઇ ઝાલા-કોળી નામના ખેડૂત રાતે એકાદ વાગ્યે ઘરે હતાં ત્યારે એકાએક ગભરામણ થયા બાદ બેભાન થઇ જતાં વાંકાનેર હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. જશમતભાઇ પાંચ ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે. સગાના કહેવા મુજબ હાર્ટએટેક આવી ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં વાંકાનેર પોલીસે રાજકોટ પહોંચી મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવડાવી જરૂરી કાર્યવાહી કરી હતી. મોભીના મૃત્યુથી પરિવાર શોક છવાઇ ગયો હતો.

પાંચમા બનાવમાં રાજકોટ નવા થોરાળા મેઇન રોડ પર રહેતાં નરૂબેન મનુભાઇ વાઘેલા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધા ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને પાણી ભરાઇ જવાની બીમારી હતી. મૃત્યુ બાદ પોલીસ કેસ જાહેર થતાં આ અંગે થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. મૃતકને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. આમ પાંચ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા હતાં.

### સાયબર ગઠીયાઓ ગામને છેતર્યા વગરનો એકપણ દિવસ જવા દેતાં નથી

# નફાની લાલચે ખેડૂતને અડધા કરોડનો ડામ

## ઓનલાઇન ટ્રેડીંગમાં નફાની લાલચ આપી પાંચ ગઠીયા છેતરી ગયાઃ બીજી ઘટનામાં ખેડુત સાથે જમીનના સોદાના નામે અઢાર કરોડની ઠગાઇ

રાજકોટ તા. ૨૧

ઠગ ભગતો સાયબર ગઠીયાઓ એક પણ દિવસ ઠગાઇ કર્યા વગરનો જવા દેતાં નથી. વધુ એક વખત એક ખેડુતને શિકાર બનાવી લાખો રૂપિયા ઉસેડી લેવાયા હતા. યુવાન વયના ખડુતને ઓનલાઇન રૂપિયા કમાવવાની લાલચ આપી ટ્રેડીંગ શીખવવાના બહાને એપ્લીકેશન ડાઉનલોડ કરાવડાવી ગઠીયાઓએ અડધો કરોડથી વધુની રકમ ઉસેડી લીધી હતી. પાંચ ગઠીયાઓ સામે આ મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો કચ્છ-ગાંધીધામના રાપરમાં રહેતા અને ખેતી કરતા એક આધેડને ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને ગઠિયાઓએ રૂપિયા ૫૫.૫૫ લાખની માતબર રકમ પડાવી લીધી હોવાની ઘટના રાપર પોલીસ ચોપડે નોંધાતા તપાસ શરૂ થઇ હતી. આ મામલે પોલીસે બે બેંક ખાતાધારકો અને ત્રણ મોબાઈલ નંબર ધારકો સહિત કુલ પાંચ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરાયો છે. વિશેષ માહિતી અનુસાર રાપરના નીલકંઠ ફાર્મ ખાતે રહેતા અને ખેતીનો વ્યવસાય કરતા એકતાલીસ વર્ષિય પ્રવીણભાઇ મહોબતભાઇ બરશણીયા આ ઓનલાઇન ઠગાઈનો ભોગ બન્યા છે. અલગ અલગ સમયગાળા દરમિયાન અજાણ્યા સાયબર ગઠિયાઓએ તેમને પોતાની જાળમાં ફસાવ્યા હતા.

આ કિસ્સા અંગે પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, એક અજાણ્યા મોબાઇલ નંબર પરથી ફરિયાદી પ્રવીણભાઈને ફોન આવ્યો હતો. ગઠિયાએ તેમન વન ક્યુ કોપરા કોટક સિક્યુરીટીઝે નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ આ એપ્લિકેશન મારફતે તેમને શેરબજાર કે ટ્રેડિંગમાં નફાની લાલચ આપીને વિશ્વાસમાં લીધા હતા.

કાવત્રાના ભાગરૂપે શરૂઆતમાં ખેડુત પાસે નાની રકમનું રોકાણ કરાવડાવી તેને ઝડપથી નફો આપી નફાની રકમ વીડ્રો કરવા દીધી હતી. આથી ખેડુતને આ બધુ સાચ્ચુ લાગ્યું હતું અને વધુ રોકાણ કરવા માટે લલચાઇ ગયા હતાં. આ



પછી ગઠીયાઓએ કટકે કટકે અને બે અલગ-અલગ કંપની/ફાઉન્ડેશનના બેંક એકાઉન્ટમાં પૈસા નખાવ્યા હતા. ગઠિયાઓએ વધુ પૈસા પડાવવા માટે અન્ય બે મોબાઈલ નંબરો પરથી અવારનવાર ફોન કરીને ફરિયાદી સાથે કુલ રૂ. ૫૫,૫૫,૫૦૦ નો વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરી હતી.

પોલીસે અલગ અલગ બેંક એકાઉન્ટના ધારકો અને મોબાઇલ નંબરોના ધારકો વિરૂધ ગુનો નોંધ્યો હતો. આ કેસની વિશેષ તપાસ ઇન્સપેક્ટર આર.એલ.ખટાણાએ હા ધરી હતી. આ પ્રકારની ઠગાઇ રોજીંદી થઇ પડી છે. રોજેરોજ રોકાણના નામે ઓનલાઇન રોકાણ પર ટુંકા ગાળામાં મોટુ વળતર આપવાની લાલચ દઇ હજારોથી માંડો કરોડો સુધીની ઠગાઇ કરવામાં આવતી રહે છે. આ કિસ્સામાં પણ ખેડુતને લલચાવી ફસાવી પંચાવન લાખ ઉસેડી લેવાયા હતાં.

બીજી એક ઠગાઇની વિગતો જોઇએ તો અમદાવાદ નજીક રાચરડા ગામમાં જમીન ખરીદીના નામે પચાસ વર્ષીય અશોકભાઈ વાસાણી સાથે કરોડોની છેતરપિંડી થઈ છે. ૨૦૨૩માં ૨૪ કરોડમાં ૬૭૪૪ ચોરસ મીટર જમીનનો સોદો કરી, આરોપીઓએ ૧૮.૫૦ કરોડ રૂપિયા મેળવ્યા હતા. જોકે, ભાવ વધતા દસ્તાવેજ કરવાનો ઇનકાર કરી, નાણાં પરત ન આપવાની ધમકી આપી. આ મામલે ૭ શખ્સો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. રાચરડા ગામમાં જમીન ખરીદીના નામે કરોડો રૂપિયાની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. અમદાવાદના ગોતા વિસ્તારમાં પરિવાર સાથે રહેતા અને મૂળ કચ્છના માંડવીના વતની પચાસ વર્ષીય અશોકભાઈ ખીમજીભાઈ વાસાણી સાથે આ ઘટના ઘટી છે.

તેઓ ખેતીકામ અને દાડમના વેપાર સાથે સંકળાયેલા છે. વર્ષ ૨૦૨૩માં તેમણે રાચરડા સીમના સર્વે નંબર ૧૦૧૮ની ૬૭૪૪ ચોરસ મીટર જમીનનો સોદો ૨૪ કરોડ રૂપિયામાં નક્કી કર્યો હતો. જમીનના માલિકો અને દલાલોએ ભેગા મળીને વેચાણ લખાણ કર્યા બાદ હપ્તે હપ્તે ચેક અને રોકડ મારફતે કુલ ૧૮.૫૦ કરોડ રૂપિયા મેળવી લીધા હતા. આ પછી જમીન આપવામાં આવી નહોતી. પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### લેભાગુઓ વારંવાર સોશિયલ મિડીયા માધ્યમનો દુરૂપયોગ કરીને આચરે છે હવસખોરી

# ઓનલાઇન ફ્રેન્ડે સગીરાને ભગાડી વારંવાર પીંખ્યો દેહ

## માથે જતા ધમકી પણ દીધીઃ પોલીસે આરોપીને શોધી લઇ હવસખોરીનું ભૂત ઉતારી નાંખ્યું : અન્ય કિસ્સામં ધણીએ ધોખાધડી આચરી, પત્નિ પીયરે જતાં બીજીના પ્રેમમાં પડ્યો ને પત્નિનો નંબર બ્લોક કર્યો

રાજકોટ તા. ૨૧

લેભાગુ કહેવાતા પ્રેમીઓ સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરી સતત સગીરાઓ, યુવતિઓ અને પારકી પરણેતરોને ફસાવીને તેની જિંદગી બગાડી નાંખતા હોય છે. અવાર-નવાર આવા બનવો પોલીસ ચોપડે પહોંચે છે જેમાં સોશિયલ મિડીયા મારફત મિત્રતા અને પછી પ્રેમની જાળમાં ફસાવી સગીરા કે યુવતિ સાથે બળજબરી આચરી બ્લેકમેઇલીંગ કરવામાં આવતું હોવાની વિગતો ખુલતી હોય છે. ઘણીવાર તો શારીરિકની સાથે આર્થિક શોષણ પણ થતું હોય છે. તો ક્યારેક દેહસંબંધો બાંધી લીધા બાદ જે તે કહેવાતો પ્રેમી તરછોડીને ભાગી પણ જતો હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક સગીરાને ઇન્સ્ટાગ્રામથી ફ્રેન્ડશીપની જાળમાં ફસાવી પછી પ્રેમનું નાટક કરી વારંવાર દેહ પીંખી લેવાયો હતો. બાદમાં તરછોડી દેવાઇ હતી. આ હવસખોરને પોલીસે દબોચી લીઈ કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના લિંબાયત પોલીસ મથક વિસ્તારમાં સગીર વયની બાળા સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી ગંભીર ગુનો આચરવાની ઘટના સામે આવી છે. ભોગ બનનાર સગીરાની આરોપી સાથે ઇન્સ્ટાગ્રામ પર વાતચીત શરૂ થઈ હતી, જે બાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી. આરોપીએ આ મિત્રતાનો ગેરલાભ ઉઠાવી સગીરાને પ્રેમજાળમાં ફસાવી પોતાની સાથે લઈ જવાનું કાવતરૂ ઘડ્યું હતું.

આરોપીએ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તેનું સુરતથી અપહરણ કર્યું હતું અને તેને પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા સ્થિત મીરાપુર ગામે લઈ ગયો હતો. ત્યાં આરોપીએ સગીરાની મરજી વિરૂધ્ધજબરજસ્તીથી તેની સાથે અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આ ઉપરાંત આરોપીએ કોઈને પણ આ બાબતે જાણ ન કરવા અંગે સગીરાને જાનથી મારી નાખવાની ગંભીર ધમકી પણ આપી હતી.



સમગ્ર મામલે સગીરાના પરિવારે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણ, દુષ્કર્મ અને ધમકી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. લિંબાયત પોલીસે બનાવની ગંભીરતા સમજી ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી અને આરોપીનું પગેરૂ મેળવવા અલગ-અલગ ટીમો બનાવી કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે મળેલી ચોક્કસ બાતમીના આધારે પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે દરોડો પાડી આરોપી સુરેશભાઈ લિંબાભાઈ ખાંટ જે બાવીસ વર્ષનો છે તેને ઝડપી પાડ્યો હતો. લિંબાયત પોલીસે વિશેષ કાર્યવાહી શરૂ કરી હતી.

અવાર-નવાર આવી ઘટનાઓ સામે આવતી રહે છે જેમાં સોશિયલ મિડીયાના માધ્યમનો ખોટો ઉપયોગ કરી લેભાગુઓ સગીરાઓ, યુવતિઓને ફસાવતા રહે છે. આવા માધ્યમથી કે પછી રૂબરૂમાં મળીને છોકરા-છોકરીઓ ફ્રેન્ડશીપ કરે પ્રેમ કરે એ કદાચ અયોગ્ય ન હોય પરંતુ સામેના પાત્રની સત્યતા ચકાસવી જરૂરી હોય છે. સંપર્ક થતાંની સાથે જ આંધળુકીયા કરી આગળ વધી જનારા અનેક યુવાનો, યુવતિઓને આગળ જતાં પસ્તાવો કરવાનો સમય આવતો હોય છે. આવી અનેક ઘટનાઓ સામે આવતી રહે છે. જેમાં આ બનાવ વધુ એક વખત લાલબત્તી ધરી રહ્યો છે.

બીજી એક ઘટનામાં સુરતના વેલંજા નજીક ઉમરામાં રહેતા યુવકની પત્ની સીમંત માટે પિયર ગઈ હતી ત્યારે યુવકને ઈન્સ્ટાગ્રામ પર અન્ય યુવતી સાથે પ્રેમ થઈ જતાં તેણે પત્નિને તરછોડી દીધી હતી. તેણે વોટ્સએપ સ્ટેટસ પર પ્રેમિકાનો ફોટો મૂકી પત્નીનો નંબર બ્લોક કરી દીધો હતો અને 'તું મને નથી જોઈતી. બાળક મને આપી દેજો' કહીને સંબંધ તોડી નાખ્યા હતા. પત્નિએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ લેતાં કતારગામની ટીમે ૨ કલાક સુધી કાઉન્સેલિંગ કરી આખરે આ દંપતી વચ્ચે સમાધાન કરાવ્યું હતું. ત્રેવીસ વર્ષના આ દંપતીના લગ્નજીવન દરમિયાન પત્નિ સીમંત પ્રસંગ માટે પિયર ગઈ હતી, જ્યાં તેણે બાળકને જન્મ આપ્યો હતો.

આ વાતના ત્રણ મહિના પહેલાં પત્ની પિયર હતી ત્યારે પતિને ઈન્સ્ટાગ્રામ પર બારડોલીની યુવતી સાથે -પ્રેમ થઈ ગયો હતો. જથી તેણે પત્ની અને બાળકને ઘરે લાવવાને બદલે પિયર જઈને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, 'તારે મારી સાથે નથી આવવાનું. બાળક મને આપી દેજો' કહી તે ચાલી ગયો હતો. પછી પત્નીનો ફોન નંબર પણ બ્લોક કરી દીધો હતો. મહિલા હેલ્પલાઇન ટીમે દંપતી સાથે શાંતિપૂર્ણ વાતચીત કરી કાઉન્સેલિંગ દરમિયાન પતિને પરિવાર પ્રત્યેની જવાબદારી, પરસ્પર વિશ્વાસ અને અન્ય વ્યક્તિ સાથેના સંબંધોની ગંભીર અસરો સમજાવી હતી. ટીમે ૨ મહિનાના બાળક માટે માતા-પિતા બંનેના છત્રછાયાની જરૂરિયાત હોવાની વાત સમજાવી કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું. છેવટે પતિએ ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની ખાતરી આપી હતી, જેના પગલે દંપતીએ બાળકના શ્રેષ્ઠ ભવિષ્ય માટે પરસ્પર મતભેદો ભૂલી સાથે રહેવાનો નિર્ણય કર્યો હતો.

# સાઇડ ન દેતાં હોર્ન વગાડ્યું ધમકી દઇ કારમાં તોડફોડ

## રતનપરના યુવાનને રાજકોટના બે શખસોઅ ગાળો દીધી પછી મોબાઇલ ફોનથી કારના કાચમાં તોડફોડ કરીઃ કુવાડવા પોલીસે બંનેને પકડી લીધા

રાજકોટ તા. ૨૧

વાહન ચાલકો વચ્ચે સાઇડ કાપવા જેવી વાતે કે પછી હોર્ન વગાડવા મામલે માથાકુટ થતી જ રહે છે. આવી જ એક ઘટના રાજકોટ મોરબી રોડ પર આવેલા રતનપરથી બેડી ગામ વચ્ચે ઓવરટેક કરવા બાબતે હોર્ન વગાડવાની સામાન્ય બાબતમાં તકરાર થતાં સ્કોર્પિયો કારના ચાલક અને તેના સાથીદારે અન્ય કાર ચાલક સાથે ગાળાગાળી કરી, કારના આગળના કાચ પર મોબાઇલ મારી નુકસાન પહોંચાડી મારી નાખવાની ધમકી આપતાં એફઆઇઆર દાખલ થઇ હતી.

વિગતો જોઇએ તો કુવાડવા રોડ પોલીસે રતનપર ગામની રામધામ સોસાયટીમાં રવેચી પાન પાસે રહેતાં અને ટ્રેડીંગનું કામ કરતાં ઓગણચાલીસ વર્ષના રવિરાજસિંહ ભરતસિંહ પરમારની ફરિયાદ પરથી સંત કબીર રોડ પર ભગીરથ સોસાયટી-૧૦માં રહેતાં સ્કોર્પિયો ગાડી નં. જીજે૦૩કયુડી-૬૪૪૪ના ચાલક મનસુખ વીરજીભાઇ ગોહેલ અને તેની સાથેના મંછાનગરમાં રહેતાં પ્રવિણ ઓઘડભાઇ સુસરા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ રવિરાજસિંહ પરમાર પોતાની ટોયોટા ગ્લાંઝા ગાડી જીજે૦૪ઇઇ-૦૫૬૭ લઈને રાજકોટ જઈ રહ્યા હતા. ગવરીદળ ગામ પાસે પહોંચતા આગળ



જતી એક કાળા કલરની સ્કોર્પિયો ગાડીને ઓવરટેક કરવા માટે તેમણે હોર્ન માર્યો હતો. પરંતુ સ્કોર્પિયો ચાલકે સાઈડ આપી ન હતી અને પોતાની ગાડી રવિરાજસિંહની કાર તરફ દબાવી સાઈડ આપવાનું ટાળ્યું હતું. આ પછી મારવાડી કોલેજ સામે રવિરાજસિંહે ૧૧૨ પર ડાયલ કરી પોલીસને જાણ કરી હતી. દરમિયાન બેડી ગામ પાસે મામા સાહેબના મંદિર નજીક ટ્રાફિક જામ હોવાથી બંને વાહનો ભા રહી ગયા હતા. ટ્રાફિકમાં ગાડી ભી રહેતાં સ્કોર્પિયો ચાલકે રવિરાજસિંહ પાસે આવીને 'કેમ પાછળથી હોર્ન મારતો હતો?' કહી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. સાથોસાથ તેણે અન્ય એક શખ્સને પણ બોલાવી લીધો હતો.

આ પછી સ્કોર્પિયો ચાલકે ગુસ્સામાં પોતાના મોબાઇલ વડે રવિરાજસિંહની ગ્લાંઝા કારના આગળના કાચ પર પ્રહાર કરતા કાચમાં તિરાડ પડી ગઈ હતી. ત્યારબાદ ગાડીમાંથી નીચે ઉતરવાનું કહી જો નીચે નહીં ઉતરે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ દરમિયાન અગાઉ રવિરાજસિંહે ફોન કરેલો હોવાથી ઘટના સ્થળે ૧૧૨ની પોલીસ પેટ્રોલીંગ ગાડી આવી પહોંચતાં પોલીસે બંને હુમલાખોરોને પકડી પાડ્યા હતા. પોલીસ તપાસમાં સ્કોર્પિયો ગાડીના ચાલકનું નામ મનસુખભાઈ ગોહેલ અને બીજા શખ્સનું નામ પ્રવીણભાઈ સુસરા હોવાનું ખુલ્યું હતું. ઓવરટેઇક કરતી વખતે હોર્ન વગાડવા મામલે આ બંનેએ માથાકુટ કરી હતી. કુવાડવા પીઆઇ એ. એન. જાનીની રાહબરીમાં એએસઆઇ સંજયભાઇ કુમારખાણીયાએ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### વ્યાજખોરીના દુષણને ડામવાના પોલીસના પ્રયાસો વચ્ચે સતત સામે આવે છે નવા કિસ્સા

# વ્યાજખોરે ફ્લેટ પડાવી માંગ્યા સાત કરોડ

## બિલ્ડરે એક કરોડ પાંત્રીસ લાખ લઇ અઠ્યાસી લાખ ચુકવી દીધા, બે ફ્લેટ આપી દીધા છતાં પઠાણી ઉઘરાણીઃ પંદર શખ્સોને હુમલો કરવા મોકલ્યાઃ પોલીસે દાખલ કરી FIR

ગાંધીનગર, તા.૨૧

વ્યાજખોરીના કિસ્સા રાજ્યભરમાં અવાર-નવાર પોલીસ ચોપડે ચડતાં હોય છે. અનેક એવા બનાવો હોય છે જેમાં જે તે ફસાયેલા લોકો વ્યાજખોરોની ધમકીઓથી ડરીને પોલીસ સુધી પણ જતાં હોતાં નથી. આ દુષણને ડામવા રાજ્યભરની પોલીસ દ્વારા લોકદરબારો પણ યોજવામાં આવે છે. જો કે આમ છતાં વ્યાજખોરીના દુષણને ડામી શકાયું નથી. હજુ પરમ દિવસે જ રાજકોટમાં એક કોન્ટ્રાકટરનો કિસ્સો સામે આવ્યો હતો જેમાં તેની પાસેથી ચાર લાખની સામે દર પંદર દિવસે ચાલીસ ચાલીસ હજાર વ્યાજ વસુલી તેની કાર પણ પડાવી લેવાઇ હતી. ત્યાં હવે એક ચોંકાવનારી ઘટનામાં એક કરોડ પાંત્રીસ લાખ વ્યાજે લેનાર બિલ્ડરે પાસે મસમોટુ વ્યાજ વસુલી એક કરોડના બે ફ્લેટ પડાવી લેવાયા પછી વધુ સાત કરોડની ઉઘરાણી ચાલુ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો બીજા શહેરો ગામોની જેમ સુરત શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ દિન-તિદિન બેફામ બની રહ્યો છે. ડભોલી વિસ્તારમાં રહેતા અને જમીન-કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા બિલ્ડર પરિવારને ચા વ્યાજે નાણાં ધીરી વ્યાજનું વ્યાજ ગણી એક કરોડના બે લક્ઝુરિયસ લેટ પડાવી લીધા બાદ પણ વધુ ૧.૮૭ કરોડથી ૭ કરોડ સુધીની પઠાણી ઉઘરાણી કરી સોપારી આપી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે સિંગણપોર-ડભોલી પોલીસ મથકે કુખ્યાત વ્યાજખોર કિરીટ વાઘાણી સામે ગુનો દાખલ થયો હતો.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ ડભોલી ગામ, એસ.એમ.સી. ગાર્ડન સામે સરોવર હાઇટ્સમાં રહેતા તેત્રીસ વર્ષીય




બિલ્ડર ઇશાન ઘનશ્યામભાઇ કેવડીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેમના પિતા ઘનશ્યામભાઈ સાથે આરોપી કિરીટ નાથુભાઈ વાઘાણીનો મિત્રતાભર્યો સંબંધ હતો. કિરીટ વાઘાણી નાણાં ધીરધારનો ધંધો કરતો હોવાથી તેણે મુંબઈ ખાતે પ્રોજેક્ટ હોવાનું જણાવી નાણાંની જરૂરિયાત ભી કરી હતી. ત્યારબાદ જરૂર પડ્યે ફરિયાદીના પિતાને દર મહિને દોઢથી સવા બે ટકા સુધીના તોતિંગ વ્યાજે ટુકડે-ટુકડે કુલ ૧,૩૫,૨૫,૦૦૦ આપ્યા હતા. ફરિયાદી પરિવારે નિયમિતપણે તોતિંગ વ્યાજ સહિત મુદલની રકમ ચૂકવી હોવા છતાં વ્યાજખોરે હિસાબની આંટીઘૂંટીમાં ૮૮,૧૦,૦૦૦ લેવાના બાકી નીકળે છે તેમ દર્શાવ્યું હતું.

આ બાકી રકમ સામે કિરીટ વાઘાણીએ દબાણ કરીને નક્ષત્ર પ્રોજેક્ટમાં આવેલા પચાસ-પચાસ લાખની બજાર કિંમતના બે લેટ જેની કિમત એક કરોડની થાય છે તે પોતાના મળતિયા દિલીપભાઈ વાઘાણીના નામે દસ્તાવેજ કરાવી પડાવી લીધા હતા. આશ્ચર્યજનક રીતે રૂપિયા ૮૮.૧૦ લાખના દેવા સામે એક કરોડના બે લેટ પોતાના નામે લખાવી લીધા બાદ પણ વ્યાજખોર કિરીટ વાઘાણીએ સંતોષ માન્યો ન હતો. તેણે હજુ રૂપિયા ૩૮ લાખ બાકી નીકળે છેં તેમ કહી તેના પર ચક્રવૃદ્ધિ વ્યાજનું વ્યાજ ગણી કરોડો રૂપિયાનું લેણું ભું કરી દીધું હતું. વ્યાજખોર કિરીટ વાઘાણીએ ફરિયાદીની ઓફિસે અવારનવાર દસથી પંદર અજાણ્યા અસામાજિક તત્વોને મોકલી પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી.

તેણે ક્યારેક રૂપિયા ૧,૮૭,૦૦,૦૦૦ તો ક્યારેક છથી સાત કરોડની તોતિંગ રકમની ગેરકાયદે માંગણી કરી હતી. જો આ નાણાં નહીં ચૂકવે તો ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ પાંચ હજાર મા ટ્રક વાળા મળે તેના દ્વારા ઉડાવી દઈ જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપી હતી.સતત મળતી ધમકીઓ અને વ્યાજના વિષચક્રથી ત્રસ્ત થઈ આખરે ઈશાન કેવડીયાએ સિંગણપોર-ડભોલી પોલીસ મથકે કિરીટ નાથુભાઈ વાઘાણી વિરૂધ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી માર્ગદર્શન હેઠળ આરોપીની ધરપકડ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં.

# સિવિલ સુપ્રીટેનન્ટ મોનાલી માકડીયા હોદ્દા પરથી દૂર

## જુનિયર તબીબોનું આંદોલન સમેટાયુંઃ હડતાળ પૂર્ણ , નવા અધિક્ષક તરીકે ડો. કમલ ડોડિયાની નિમણૂક દર્દીઓની ઈમરજન્સી સારવાર અંગે તબીબો વચ્ચે ઘર્ષણ

રાજકોટ, તા. ૨૧

રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય (પીડીયુ) સિવિલ હોસ્પિટલમાં એક મહિલા તબીબ સાથે મારામારી અને ગાળાગાળી કરવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા સખત અને ઝડપી કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર ઘટના અંગે સિનિયર તબીબ ડો. અશ્વિન રામાણી વિરુદ્ધ પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક ધોરણે તેમની ધરપકડ કરી લીધી છે. બીજી તરફ, વહીવટી સ્તરે પણ કડક નિર્ણય લેતા સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. મોનાલી માકડિયાને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે અને આરોગ્ય વિભાગ દ્વારા યુરોલોજી વિભાગના ડો. કમલ ડોડિયાની રાજકોટ સિવિલ હોસ્પિટલના નવા અધિક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે. નોંધનીય છે કે ડો. મોનાલી માકડિયાએ અગાઉ પણ અધિક્ષકના હોદ્દા પરથી મુક્ત થવા રજૂઆત કરી હતી, પરંતુ તાજેતરના વિવાદ બાદ સરકારે તેમને પદ પરથી હટાવવાનો આખરી નિર્ણય લીધો હતો.



આ સમગ્ર વિવાદની શરૂઆત એક વૃદ્ધ દર્દીની સારવારના મુદ્દાથી થઈ હતી. ગંભીર હાલતમાં હોસ્પિટલ લાવવામાં આવેલા વૃદ્ધ દર્દીને મહિલા તબીબ ડો. ક્રિષા શિંગાળાએ ઈમરજન્સી વિભાગમાં જ રાખવા માટે સૂચના આપી હતી, જ્યારે સિનિયર ડોક્ટર અશ્વિન રામાણી દર્દીને જનરલ વોર્ડમાં શિફ્ટ કરવાનો આગ્રહ રાખી રહ્યા હતા. દર્દીની સ્થિતિ અને તેને ક્યાં રાખવો તે બાબતે બંને તબીબો વચ્ચે તીવ્ર બોલાચાલી થઈ હતી, જે બાદમાં મારામારી અને ગાળાગાળી સુધી પહોંચી હોવાના આક્ષેપો મૂકવામાં આવ્યા હતા. ઘટના સામે આવ્યા બાદ અને મીડિયા અહેવાલો વહેતા થતાં જ સિવિલ તંત્ર તુરંત એક્શનમાં આવ્યું હતું. પીડીયુ સિવિલ હોસ્પિટલ ખાતે તાકીદે યોજાયેલી બેઠકમાં ડીન, રેસિડેન્ટ ડોક્ટરો, જુનિયર ડોક્ટર્સ એસોસિએશનના પ્રતિનિધિઓ તેમજ ફરિયાદી મહિલા તબીબ અને તેમના પરિવારજનો હાજર રહ્યા હતા, જેના અંતે પોલીસ કેસ અને વહીવટી ફેરફારો સહિતના કડક પગલાં ભરવામાં આવ્યા છે.

### ઉચ્ચ સ્તરે રિપોર્ટ અને સસ્પેન્શન સુધીના પગલાંની શક્યતા

સિવિલ હોસ્પિટલના છ્અધ હર્ષદ દુસરાના જણાવ્યા મુજબ, પરિવારજનો અને સિવિલ ઓથોરિટી વચ્ચે બેઠક યોજાઈ છે અને સમગ્ર મામલે ગાંધીનગર સ્થિત વડી કચેરીને રિપોર્ટ સોંપવામાં આવ્યો છે. ડો. અશ્વિન રામાણીને હાલ ફરજ પર હાજર ન રહેવા માટે લેખિત સૂચના આપવામાં આવી છે. તેમના વિરુદ્ધ અગાઉ પણ અનેક ફરિયાદો આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. છ્અધના જણાવ્યા મુજબ આવી ગંભીર ઘટનાઓમાં બદલીથી લઈને સસ્પેન્શન સુધીની કાર્યવાહી થઈ શકે છે. હાલ સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએ નિર્ણયની પ્રક્રિયા ચાલી રહી છે.

### મહિલા તબીબોની સુરક્ષા પ્રાથમિકતા, દોષિતો સામે કડક એક્શનની ખાતરીઃ આરોગ્ય મંત્રી

રાજકોટમાં મહિલા તબીબ સાથે ગેરવર્તણૂકના મામલે આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ ગંભીર નોંધ લીધી છે. મંત્રીએ પીડિત મહિલા તબીબ સાથે ટેલિફોનિક વાત કરી સાંજ સુધીમાં ત્વરિત ન્યાય અને સંપૂર્ણ સુરક્ષાની ખાતરી આપી છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે મહિલા કર્મચારીઓ અને તબીબોના સન્માન સાથે કોઈ સમાધાન નહીં થાય. દોષિત સામે કડક કાર્યવાહી કરવાની પણ ખાતરી આપી છે.

# મેળા માટે TP પ્લોટ ભાડે આપવા મનપાનું ટેન્ડર

**30 ઓગસ્ટથી તા. ૨૮ સપ્ટેમ્બર સુધી એક મહિનાના સમયગાળા માટે રૂ. ૫ પ્રતિ ચોરસ મીટરની અપસેટ પ્રાઈઝથી આપશે ભાડે**

રાજકોટ, તા. ૨૧

સાતમ-આઠમના તહેવારોને અનુલક્ષીને રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રેસકોર્સ ખાતે લોકમેળાનું આયોજન કરાયું છે, ત્યારે બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ જન્માષ્ટમી દરમિયાન ધંધાર્થીઓ ખાનગી મેળા યોજી શકે તે માટે શહેરના ત્રણ વિવિધ વિસ્તારના ટીપી પ્લોટ ભાડે આપવા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. મનપાની વેબસાઈટ પરથી અરજી પત્રક ડાઉનલોડ કરી શકશે અને તા. ૨૫ ઓગસ્ટ સુધીમાં રજિસ્ટર્ડ એડ થી ફોર્મ પરત સબમિટ કરવાનું રહેશે. નિયત સમયમર્યાદા ૩૦ ઓગસ્ટથી ૨૮ સપ્ટેમ્બર બાદ પ્લોટનો ઉપયોગ કરી શકાશે નહીં. જો વધારાના દિવસો માટે પ્લોટનો ઉપયોગ કરવો હોય તો પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે.

ગત વર્ષે રાઈડ્સની મંજૂરી બાબતે રહેલી કડાકૂટને કારણે બે વાર ટેન્ડર અને શોર્ટ નોટિસ બહાર પાડવા છતાં કોઈ પાર્ટીએ રસ દાખવ્યો નહોતો. આ વર્ષે પણ કમિશનર દ્વારા હરાજી માટે મોડી મંજૂરી આપવામાં આવી છે. તા. ૨૫ ઓગસ્ટ પછી ટેન્ડર ખુલશે, ત્યારબાદ જો કોઈ એજન્સી પ્લોટ રાખવા તૈયાર થાય તો પણ રાઈડ્સની ગધઈ, સરકારી મંજૂરીઓ અને ફાઉન્ડેશનનું કામ પૂરું કરવામાં મોટો સમય વીતી જાય તેમ છે. આ સંજોગોમાં આ વર્ષે પણ મનપાને ખાનગી મેળામાંથી આવક થશે કે કેમ તે અંગે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે.




મનપા દ્વારા આગામી તા. ૩૦ ઓગસ્ટથી તા. ૨૮ સપ્ટેમ્બર સુધી એક મહિનાના સમયગાળા માટે રૂ. ૫ પ્રતિ ચોરસ મીટરની અપસેટ પ્રાઈઝથી નીચે મુજબના પ્લોટ ભાડે આપવામાં આવશે જેમાં નાના મવા સર્કલ કોર્નર પેટ્રોલ પંપની બાજુમાં આવેલ પ્લોટ , સાધુ વાસવાણી રોડ પાસે રાજ પેલેસ સામે આવેલ પ્લોટ, અમીન માર્ગ કોર્નર પાસે ઝેડ બ્લ્યુની સામે આવેલ પ્લોટ નક્કી કરવામાં આવ્યા છે .

મહાનગરપાલિકા દ્વારા દરવર્ષે જન્માષ્ટમી મેળા માટે પ્લોટ ભાડે આપવામાં આવે છે. ગત વર્ષે રાઇડ્સની મંજૂરીની કડાકુટને કારણે મહાનગરપાલિકાએ બે વખત ટેન્ડર બહાર પાડ્યા હોવાછતા કોઇ પાર્ટી ખાનગી મેળા માટે તૈયાર થઇ નહોતી. ગયા વર્ષે પ્રથમ વખત બહાર પડાયેલા ટેન્ડરમાં કોઇ પાર્ટીએ રસ ન દાખવતાં બીજીવખત શોર્ટનોટિસ ટેન્ડર પ્રસિધ્ધ કરાયું હતું. તેમાં પણ કોઇ પાર્ટીએ રસ દાખવ્યો નહોતો. આ વર્ષે કમિશનર દ્વારા પ્લોટ હરાજી માટે મોડી મંજૂરી આપી છે. ત્યારે તા.૨૫ ઓગસ્ટ બાદ ટેન્ડર ખુલે ત્યારે જો કોઇ પાર્ટીએ ખાનગી મેળા માટે મનપાના પ્લોટ ભાડે લેવા રસ દાખવ્યો હોય અને મહાનગરપાલિકા તંત્ર તે મંજૂર કરે તો પણ રાઇડ્સની મંજૂરીથી લઇને ફાઉન્ડેશન સુધીની પ્રક્રિયામાં સમય પસાર થઇ જાય તેમ છે આથી આ વર્ષે પણ મનપાને આવક થશે કે નહીં તે મુદ્દો પણ પ્રશ્ન છે.




# મનપાની ઈમ્પેક્ટ ફી યોજના ફ્લોપ

## તંત્રની લાલિયાવાડીથી ૬૮૨૧ અરજીઓ અદ્ધરતાલ, જનતા પરેશાન

રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકામાં ‘ગુડા-૨૦૨૨’ અધિનિયમ અંતર્ગત અરજીઓનો મોટા પ્રમાણમાં ખડકલો થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અત્યાર સુધીમાં કૂલ ૧૫,૬૭૫ અરજીઓ ઈનવર્ડ કરવામાં આવી છે. જોકે, તંત્રની કામગીરીની ધીમી ગતિને કારણે આટલા સમયમાં માત્ર ૮,૮૬૪ અરજીઓનો જ નિકાલ થઈ શક્યો છે, જ્યારે ૬,૮૨૧ જેટલી અરજીઓ હજુ પણ પેન્ડિંગ બોલે છે. હજારો અરજીઓ અટકી પડેલી હોવાના કારણે અરજદારોને પોતાના કામો માટે ધક્કા ખાવાનો વારો આવ્યો છે, જેથી તંત્ર દ્વારા આ પેન્ડિંગ અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

તંત્રની ‘આજે નહીં તો કાલે’ વાળી નીતિને કારણે અરજદારો તંગ આવી ગયા છે. લોકો પોતાના ઘર અને મકાનોના બાંધકામ નિયમિત કરાવવા માટે સરકારમાં નિયમ મુજબની ફી ભરવા તૈયાર છે, છતાં મનપાની ફાઈલો આગળ વધવાનું નામ લેતી નથી. અનેક અરજદારો પોતાની અરજીનો સ્ટેટસ જાણવા માટે વારંવાર કોર્પોરેશનના ધક્કા ખાઈને આર્થિક અને માનસિક રીતે હેરાન થઈ રહ્યા છે. અધિકારીઓની જવાબદારી વગરની આ કામગીરીને કારણે સામાન્ય જનતામાં મનપાના વહીવટ સામે તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ પેન્ડિંગ અરજીઓનો ઉકેલ લાવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં અરજદારો દ્વારા મનપા કચેરી સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

અનઅધિકૃત બાંધકામો માટે ઈમ્પેક્ટ ફી હેઠળ રહેણાંક મિલકતો માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૫,૦૦૦થી રૂ. ૭,૫૦૦ સુધીના સ્લેબ મુજબ ચાર્જ નક્કી કરવામાં આવ્યા હતા. જ્યારે કોમર્શિયલ અને ઔદ્યોગિક મિલકતો માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૧૦,૦૦૦થી રૂ. ૨૦,૦૦૦ સુધીનો ચાર્જ લેવામાં આવે છે. જેમાં બિન-રહેણાંક મિલકતો માટેના ઊંચા ચાર્જને લઈને કોમર્શિયલ મિલ્કત ધારકોમાં ઉત્સાહ ઓછો દેખાયો છે. જે અરજીઓ નામંજૂર થઇ તેમાં રસ્તા પરના બાંધકામ, અનામત પ્લોટના દબાણ, સરકારી જમીન પર ઘુસણખોરી, ફાયર એનઓસી સહિતના કારણો જવાબદાર બન્યા છે. અનેક કેસમાં ટીપી અને ફાયર બંને તંત્રના ચોપડે બાંધકામ કાયદેસર બની શક્યું નથી. કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ બાંધકામના દર વધુ છે. ૫૦ ટકા પાર્કિંગ ન હોય તો ૧૦ થી ૨૦ હજારનો પ્રતિ ચો.મી. ચાર્જ મનપા સરકારના પરિપત્ર પરથી લે છે. તો રહેણાંકમાં આ સ્લેબ રૂા.પાંચ હજારથી ૭૫૦૦ છે. આ રીતે ઈન્ડસ્ટ્રીયલમાં ખુબ ઓછા પ્લાન બાંધકામ રેગ્યુલર કરવા માટે આવ્યા છે. હવે સરકાર આ યોજનાની મુદ્દત લંબાવે છે કે કેમ તે જોવાનું રહ્યું.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં અનધિકૃત બાંધકામોને કાયદેસર કરવા માટે લાવવામાં આવેલી ’ગૂડા-૨૦૨૨’ (GUDA-૨૦૨૨) યોજના મનપા તંત્રની ઢીલી નીતિ અને સદંતર નિષ્ફળ આયોજનને કારણે ખાડે ગઈ હોય તેમ લાગી રહ્યું છે. કરોડો રૂપિયાના અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાના બહાને માત્ર મુદ્દતો લંબાવીને કાગળ પર પ્રક્રિયા ચલાવવામાં આવી રહી છે, પરંતુ વાસ્તવિક નિકાલ કરવામાં તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે. હાલમાં આશરે ૬૮૨૧ જેટલી મોટી સંખ્યામાં અરજીઓ પડતર રહેવા પાછળ મનપાનું નબળું વહીવટી માળખું અને અરજદારોની ગંભીર બેદરકારી જવાબદાર છે.

મનપા દ્વારા ક્ષતિપૂર્તતા પત્રો પાઠવ્યા બાદ કોઈ નક્કર ફોલો-અપ લેવામાં આવ્યું નથી. અરજદારોને રૂબરૂ બોલાવી કે સ્પેશિયલ ઝુંબેશ ચલાવી કાગળો પૂરા કરાવવામાં તંત્ર નિષ્ફળ ગયું છે. અરજીઓ મંજૂરીને પાત્ર હોવા છતાં, માત્ર દસ્તાવેજો રજૂ કરવામાં અરજદારો દ્વારા દાખવવામાં આવતી આળસ અને બેદરકારીને કારણે પ્રક્રિયા અટકી પડી છે. સરકાર દ્વારા યોજનાની મુદતમાં વારંવાર વધારો કરવામાં આવી રહ્યો છે. ૧૫ જૂન ૨૦૨૬ ના નોટિફિકેશનથી વધુ છ માસનો વધારો આપવામાં આવ્યો છે. વારંવાર સમયમર્યાદા લંબાવવાને કારણે નાગરિકોમાં ગંભીરતા રહી નથી અને મનપાના અધિકારીઓ પણ આળસુ બની કામગીરી પેન્ડિંગ રાખવાના બહાના શોધી રહ્યા છે. ‘‘સરકાર સમય આપે જ છે‘‘ તેવા માનસિક અભિગમને કારણે અનધિકૃત બાંધકામોનો વિવાદ અનંતકાળ સુધી લંબાતો જાય છે.

**કોંગ્રેસે કલેકટર અને પોલીસ અધિકારીને પાઠવ્યું આવેદન**

# કાયદા-વ્યવસ્થાની કથળતી સ્થિતિ અંગે કોંગ્રેસ મેદાને

## દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં ગેરકાયદેસર દારૂનું વેચાણ અને હેરફેર બેફામ ચાલી રહી છે કેમ કોઈ પગલા નહીં

રાજકોટ, તા.૨૧

ભાવનગરમાં બનેલી ઝેરી દારૂની દુઃખદ ઘટના અને રાજકોટ શહેરમાં વધી રહેલી ગુનાખોરીના વિરોધમાં રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળે જિલ્લા કલેક્ટર તેમજ ડેપ્યુટી પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. કોંગ્રેસ દ્વારા પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં કડક દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં ગેરકાયદેસર દારૂનું વેચાણ અને હેરફેર બેફામ ચાલી રહી છે. ભાવનગરમાં ઝેરી દારૂ પીવાથી નિર્દોષ લોકોના થયેલા મોત અત્યંત દુઃખદ અને ચિંતાજનક છે. કોંગ્રેસે આ ઘટનાની ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસ કરવાની સાથે સમગ્ર કૌભાંડમાં સંડોવાયેલા આરોપીઓ, બૂટલેગરો અને તેમને પ્રોત્સાહન આપતા જવાબદાર અધિકારીઓ સામે કડક કાનૂની પગલાં ભરવાની માંગ કરી છે.

રાજકોટ શહેરની સ્થિતિ અંગે ડેપ્યુટી પોલીસ કમિશનરને રજૂઆત કરતા કોંગ્રેસે જણાવ્યું હતું કે, શહેરમાં પણ ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. શહેરને નશામુક્ત બનાવવા માટે આવા અડ્ડાઓ પર વિશેષ ઝુંબેશ ચલાવીને અસામાજિક તત્વો સામે આકરાં પગલાં લેવા જરૂરી છે. આ પ્રસંગે ડો. રાજદીપસિંહ જાડેજાએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ નહીં, પરંતુ જમીન પર પણ અમલી દેખાવી જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, રાજકોટમાં અવારનવાર હત્યા, હુમલા, લૂંટ અને મારામારી જેવી ઘટનાઓ વધી રહી છે, જેના કારણે સામાન્ય નાગરિકોમાં ભય અને અસુરક્ષાની લાગણી જન્મી છે. પ્રજાને સુરક્ષિત વાતાવરણ મળે અને કાયદાનું પાલન થાય તે માટે પોલીસ તંત્રએ તાત્કાલિક અસરકારક કામગીરી કરવી પડશે. આ આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં ડો. રાજદીપસિંહ જાડેજા સહિત કોંગ્રેસના અનેક હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

